**આજનો સુવિચાર**

સંસાર પાસેથી કાંઈ પણ લેવું એ પાપ છે અને આપવું પુણ્ય છે.

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૬૨ જૂનાગઢ તા.૨૪-૦૨-૨૦૨૪ શનિવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 62, Junagadh : Date : 24 February, 2024, Saturiday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

# ઈરાને પાકિસ્તાન પર જમીની સ્ટ્રાઈક કરી : ત્રાસવાદી કમાન્ડર, આતંકીઓનો ખાત્મો

ઈસ્લામાબાદ તા.૨૪ : આતંકવાદના આશ્રયદાતા સ્થળ એવા પાકિસ્તાન પર ફરી એક વખત ઈરાને સર્જીકલ સ્ટ્રાઈક કરી છે. પાકિસ્તાનની અંદર ઘુસીને ઈરાને આ ભીષણ હુમલો કર્યો હતો જેમાં ત્રાસવાદી સંગઠન જૈશ અલ અદલનો ટોચનાં કમાંડર સહિતના આતંકીઓ માર્યા ગયા છે. ઈરાની મીડિયાના રિપોર્ટ પ્રમાણે ઈરાને આ વખતે પાકિસ્તાનમાં જમીની હુમલો કર્યો હતો. ઈરાની દળો પાકિસ્તાનમાં ઘુસી ગયા હતા અને જૈશ અલ અદલના ટોચના કમાંડરનો ખાત્મો કર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે થોડા દિવસો પુર્વે ઈરાને પાકિસ્તાન પર હવાઈ હુમલો કર્યો હતો જે પછી પાકિસ્તાને પણ ઈરાન પર વળતો હવાઈ હુમલો કર્યો હતો જેને પગલે બન્ને દેશો વચ્ચે તનાવ વધી ગયો હતો. મીડિયા રિપોર્ટ પ્રમાણે ઈરાની દળોએ પાકિસ્તાની સરહદમાં ઘુસીને વ્યુહાત્મક અને પુર્વનિયોજીત હુમલો કર્યો હતો તેમાં ત્રાસવાદી સંગઠનનો ટોચનો કમાંડર ઈસ્માઈલ શાહ બખ્શ તથા તેના અનેક સાગ્રીતો માર્યા ગયા હતા. જૈશ અલ અદલનુ ગઠન ૨૦૧૨માં થયુ હતું. આ સુન્ની સંગઠન છે જેનું સંચાલન ઈરાનના દક્ષિણ પુર્વિય પ્રાંત સિસ્તાન-બલુચીસ્તાનથી થાય છે. આ સંગઠનને ઈરાને ત્રાસવાદી સંગઠન જાહેર કર્યુ છે. ઈરાનમાં અનેક હુમલામાં આ સંગઠનનો હાથ હોવાનુ મનાય છે. ગત વર્ષે ડિસેમ્બરમાં બલુચિસ્તાનમાં એક પોલીસ સ્ટેશન પર હુમલામાં ૧૧ જવાનોના મોત થયા હતા. આ હુમલાની જવાબદારી જૈશ અલ અદલે લીધી હતી. આ સંગઠને ઈરાનના સુન્નીઓ માટે સિસ્તાન બલુચિસ્તાન પ્રાંતને આઝાદ કરાવવા માટે જેહાદ છેડી છે. બલુચિસ્તાનના લોકોને વધુ અધિકારો અપાવવા માંગે છે. ઈરાન તથા પાકિસ્તાને ગત મહિને એકબીજાના દેશોમાં આતંકી ઠેકાણાઓ પર હવાઈ હુમલા કર્યા હતા તેના થોડા વખત બાદ બન્ને દેશોએ પારસ્પરિક સુરક્ષા વધારવા માટે સહમતિ સાધી હતી. પાકિસ્તાનના વિદેશપ્રધાન જલીલ અબ્બાસ જીલાની તથા ઈરાની વિદેશમંત્રી હોસૈન અમીર- અબ્દુલ્લાહિયાને આ ઘોષણા કરવામાં આવી હતી અને ત્યારે એવો દાવો કરવામાં આવ્યો હતો કે બન્ને દેશો ગેરસમજણનો ઉકેલ લાવશે તેવા સમયે આ હુમલો થતા બન્ને દેશો વચ્ચે સમજુતી વિશે શંકા ઉઠી છે અને સંબંધો વધુ તનાવપૂર્ણ ગણાવાય છે. અત્રે ઉલ્લેખનીય છે કે બલુચિસ્તાનના વિદ્રોહી સંગઠન ઈરાન તથા પાકિસ્તાન વિરુદ્ધ આઝાદીનો જંગ ખેલી રહ્યા છે. આ જ કારણોસર સંગઠનના જેહાદીઓ પાકિસ્તાનમાં હુમલો કરીને ઈરાનમાં ઘુસી જાય છે તેવી જ રીતે ઈરાનમાં હુમલો કરીને પાકિસ્તાન સરહદમાં ઘુસી જાય છે. અગાઉ પણ બન્ને દેશોએ સરહદીક્ષેત્રના આતંકી ઠેકાણાઓને નિશાન બનાવ્યા જ હતા. થોડા દિવસો પુર્વે પણ તનાવ સર્જાયો હતો. હવે ઈરાનના નવા હુમલાથી ફરી તનાવ ભડકવાની આશંકા દર્શાવવામાં આવી રહી છે.

# ભાજપ શાસિત આસામમાં મુસ્લીમ લગ્ન અને તલાક કાયદો રદ

ગૌહાટી તા. ૨૪

આસામ સરકારે રાજ્યમાં મુસ્લિમ મેરેજ એન્ડ ડિવોર્સ એક્ટ ૧૯૩૫ નાબૂદ કર્યો છે. ગત મોડીરાત્રે મુખ્યમંત્રી હિમંત બિસ્વા સરમાની અધ્યક્ષતામાં રાજ્ય કેબિનેટની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. હવે રાજ્યમાં તમામ લગ્ન સ્પેશિયલ મેરેજ એક્ટ હેઠળ થશે. રાજ્ય મંત્રી જયંત મલ્લબારુઆએ તેને યુનિફોર્મ સિવિલ કોડ (UCC)ની દિશામાં એક મોટું પગલું ગણાવ્યું છે. તેમણે કહ્યું કે તેનાથી રાજ્યમાં થતા બાળ લગ્નો પણ અટકશે. આસામના મુખ્ય પ્રધાન હિમંત બિસ્વા સરમાએ શુક્રવારે મધરાતે ૧૨:૧૧ વાગ્યે મુસ્લિમ મેરેજ એન્ડ ડિવોર્સ એક્ટ ૧૯૩૫ નાબૂદ કરવાની માહિતી આપી હતી. રાજ્યમંત્રી મલ્લબારુઆએ કહ્યું કે મુખ્યમંત્રીએ કહ્યું કે અમે યુનિફોર્મ સિવિલ કોડ તરફ આગળ વધી રહ્યા છીએ. આ અંગે મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. હવે આસામમાં મુસ્લિમ લગ્ન કે તલાકની નોંધણી થશે નહીં. તેણે વધુમાં કહ્યું કે અમારી પાસે સ્પેશિયલ મેરેજ એક્ટ છે, તેથી અમે ઈચ્છીએ છીએ કે તે એક્ટ દ્વારા તમામ બાબતોનો ઉકેલ આવે. હવે મુસ્લિમ લગ્ન અને તલાકની નોંધણી જિલ્લા કમિશ્નર અને જિલ્લા રજીસ્ટ્રાર દ્વારા કરવામાં આવશે. જે લોકો આ છૂટાછેડા નોંધણી કાયદા હેઠળ કામ કરી રહ્યા હતા તેમને દૂર કરવામાં આવશે અને તેના બદલામાં દરેકને ૨ લાખ રૂપિયાનું વળતર આપવામાં આવશે. ઓલ ઈન્ડિયા યુનાઈટેડ ડેમોક્રેટિક ફ્રન્ટ (AIUDF)ના વડા મૌલાના બદરુદ્દીન અજમલે સરકારના આ નિર્ણય સામે વાંધો ઉઠાવ્યો છે. તેમણે કહ્યું કે બહુપત્નીત્વ માત્ર મુસ્લિમોમાં જ નથી, પરંતુ અન્ય સમુદાયોમાં પણ છે. માત્ર મુસ્લિમોને નિશાન બનાવવા યોગ્ય નથી.

ફેબ્રુઆરી ૨૦૨૩માં મુખ્યમંત્રી સરમાએ કહ્યું હતું કે અમારું વલણ સ્પષ્ટ છે, આસામમાં બાળલગ્નો બંધ થવાં જોઈએ. અમે બાળલગ્ન સામે નવો કાયદો લાવવા અંગે ચર્ચા કરી રહ્યા છીએ. ૨૦૨૬ સુધીમાં, અમે બાળલગ્ન વિરુદ્ધ નવો કાયદો લાવવાનું વિચારી રહ્યા છીએ, જેમાં જેલની સજા બે વર્ષથી વધારીને ૧૦ વર્ષ કરવામાં આવશે.

# આજે રાત્રે જામનગરમાં વડાપ્રધાન મોદીનો ભવ્ય રોડ શો : આવતીકાલે દ્વારકા-રાજકોટમાં જાહેરસભા

જામનગર, તા. ૨૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે રાત્રીથી આવતીકાલ સાંજ સુધી સૌરાષ્ટ્રમાં છે. આજે રાત્રે જામનગરમાં ઉતરાણ, રોડ-શો અને રાત્રી રોકાણ બાદ કાલે સવારે દ્વારકાથી ત્રણ જિલ્લાના ૪૧૦૦ કરોડના કામોના લોકાર્પણ અને ભૂમિપૂજન કરશે. તેમાં બેટ દ્વારકાના દરિયા પર બનેલો સિગ્નેચર બ્રીજનું ઉદઘાટન આઈકોનિક બનવાનું છે. બપોર બાદ રાજકોટમાં એઈમ્સના ઉદઘાટન અને રોડ-શો સાથે જાહેરસભા રેસકોર્ષ મેદાનમાં યોજાશે.

ઓખા-બેટને જોડતા આઈકોનીક સુદર્શન સેતુના લોકાર્પણ માટે આવી રહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે રાત્રે જામનગર આવી પહોંચશે. વડાપ્રધાનના સ્વાગત માટે એરોડ્રામ રોડ પર દિગજામ સર્કલથી સરુસેક્શન રોડ સુધીના તંત્રએ ઉભા કરેલા આઠ સ્લોટમાં જામનગરના હજારો નાગરિકો અને ભાજપા કાર્યકર્તાઓ વડાપ્રધાનના સ્વાગત માટે ઉમટશે. વડાપ્રધાન મોદી-૨૦૨૨ના એપ્રિલ માસ પછી બાવીસ મહિના બાદ આવતા હોવાથી કાર્યકરો, નાગરિકોમાં ભારે થનગનાટ છે. વડાપ્રધાનના આગમનના રૂટ પર એરફોર્સ રોડથી છેક સર્કીટ હાઉસ સુધી રોશની મુકવામાં આવી છે.

કેન્દ્રની ભાજપા સરકાર દ્વારા બેટને ભારતની મુળ ભુમિ સાથે જોડવા દરિયા ઉપર ચેલેન્જીંગ પ્રોજેક્ટ તરીકે બનેલા સુદર્શન સેતુનું સર્જન કરવામાં આવ્યું છે. જેનું લોકાર્પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા આવતી કાલે તા.૨૫મીના રોજ સવારે થશે. વહિવટી તંત્રના જણાવ્યા મુજબ વડાપ્રધાન એરફોર્સ-૧ ખાતે તા.૨૪ની રાત્રે આવી પહોંચશે. જ્યાં તેઓના સ્વાગત બાદ સંભવત રાત્રે ૯ થી ૧૦ વચ્ચે તેઓ લાલબંગલા ખાતેના સર્કિટ હાઉસ રાત્રી રોકાણ માટે જતા પહેલા માર્ગ ઉપર લોકોનું ભાજપના કાર્યકરોનો અભિવાદન દિવસે જે માટે તંત્ર ૧૨૫ મીટરના આઠ પ્લોટ ખડા કર્યા છે.

વડાપ્રધાનના આગમન રોકાણ અને વિદાય દરમિયાન સલામતી નું બંદોબસ્ત ગોઠવવા માંગે છે વડાપ્રધાન રાત્રે આરામ કરીને વહેલી સવારે ૬:૩૦ થી ૭:૩૦ વચ્ચે ઓખા માટે રવાના થશે. આમ જામનગરમાં વડાપ્રધાનના આગમનના રૂટ ઉપર એરપોર્ટથી છેક સર્કિટ હાઉસ સુધી તેમજ સર્કિટ આવશે નહીં તેની આસપાસ જિલ્લા પંચાયત ભવન મહાનગરપાલિકાના બિલ્ડીંગોની સેવાસદન પણ રોશની નો શણગાર કરાયો છે.

સૌરાષ્ટ્રની બે દિવસની મુલાકાત અંતર્ગત વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું રવિવારે બપોરે ૩ વાગ્યા આસપાસ દ્વારકાથી રાજકોટ ખાતે આગમન થશે. બપોરે ૩.૩૫ કલાકે તેઓ ખંઢેરી નજીક રૂા.૧૧૯૫ કરોડના ખર્ચે ગુજરાતની પ્રથમ અત્યાધુનિક એઈમ્સનું ઉદઘાટન કરશે. ૧૦૦ કરોડના ખર્ચે નિર્મિત ગુજરાતની સૌથી મોટી ઝનાના હોસ્પિટલની ભેટ પણ શહેરીજનોને આપશે.

આ ઉપરાંત ડ્રેનેજ, પાણી પુરવઠા નેટવર્ક તેમજ ટર્શરી ટ્રીટમેન્ટ પ્લાન્ટના પાંચ પ્રકલ્પો તેમજ રૂડાના એક પ્રકલ્પ મળી કુલ ૨૦૩.૬૧ કરોડના વિકાસ કામોનું લોકાર્પણ અને રૂા. ૨૯૧.૪૯ કરોડના જુદા જુદા ૨૨ પ્રકલ્પો મળી કુલ રૂા. ૪૯૫.૧૦ કરોડના વિકાસ કામોનું ખાતમુહૂર્ત કરશે. રાજકોટમાં જુના એરપોર્ટથી રેસકોર્ષ સભા સ્થળ સુધી ૮૦૦ મીટરનો વડાપ્રધાનનો ભવ્ય રોડ-શો યોજાશે તેમજ સાંજે ૪.૪૫ કલાકે રેસકોર્ષ ખાતે સભાને સંબોધશે.

# ગુજરાતમાં આપ-કોંગ્રેસ વચ્ચે બેઠક સમજૂતિ : ભરૂચ-ભાવનગર બેઠક આપને ફાળે, બાકીની ૨૪ બેઠકો પર કોંગ્રેસના ઉમેદવારો ચુંટણી લડશે

નવી દિલ્હી તા. ૨૪

લોકસભા ચૂંટણીની વાત કરીએ તો ગુજરાત અને ૪ રાજ્યોમાં કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી (છછઁ) વચ્ચે સીટ શેરિંગ ફોર્મ્યુલા નક્કી કરવામાં આવી છે. ગુજરાતમાં છછઁ બે ભરુચ અને ભાવનગર સીટથી ચૂંટણી લડશે જ્યારે બાકીની ૨૪ સીટ પર કોંગ્રેસ ચૂંટણી લડશે. ભરૂચમાં અહેમદ પટેલના પરિવારને સાઈડ લાઈન કરવામાં આવ્યો છે. નોંધનીય છે કે, ગઈ કાલે જ ફૈઝલ પટેલે દાવો કર્યો હતો કે તેઓ ભરુચમાંથી ચૂંટણી લડવાના છે અને આજે જ કોંગ્રેસ-આપ સાથેની ડિલમાં ફૈઝલ પટેલનું પત્તુ કપાયું છે. દિલ્હીમાં AAP ૪ અને કોંગ્રેસ ૩ સીટો પર ચૂંટણી લડશે. હરિયાણામાં કોંગ્રેસ ૯ અને AAP એક સીટ પર ચૂંટણી લડશે. ચંદીગઢ સીટ કોંગ્રેસના ફાળે ગઈ છે.તે જ સમયે, કોંગ્રેસ ગોવાની બંને લોકસભા બેઠકો પર તેમના ઉમેદવારો ઊભા કરશે. પંજાબ માટે ગઠબંધનની ફોર્મ્યુલા હજુ સુધી નક્કી કરવામાં આવી નથી. શનિવારે, ૨૪ ફેબ્રુઆરીએ કોંગ્રેસ તરફથી મુકુલ વાસનિક અને AAP તરફથી સૌરભ ભારદ્વાજ અને આતિશીએ બેઠક વહેંચણીની ઔપચારિક જાહેરાત કરી.

આ દરમિયાન, કોંગ્રેસના નેતા જયરામ નરેશે કહ્યું, ’યુપીમાં ગઠબંધનની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. તેને ફાઈનલ કરવામાં સમય લાગ્યો. આજે, આમ આદમી પાર્ટી (AAP) અને કોંગ્રેસે પણ ગઠબંધનને લઈને સત્તાવાર જાહેરાત કરી છે. ૨૩ ફેબ્રુઆરીના રોજ દિલ્હીમાં AAP અને કોંગ્રેસના ભારતીય સભ્યો વચ્ચે બેઠક યોજાઈ હતી. અહેવાલો અનુસાર, બંને પક્ષો દિલ્હીની ૭ લોકસભા બેઠકો માટે ૪-૩ની ફોર્મ્યુલા સાથે બહાર આવ્યા છે. કોંગ્રેસ ત્રણ બેઠકો પર ઉમેદવારો ઉભા રાખશે. તેમાં ચાંદની ચોક, ઉત્તર પશ્ચિમ અને ઉત્તર પૂર્વ દિલ્હીની બેઠકોનો સમાવેશ થાય છે. તે જ સમયે, AAP દિલ્હીની ચાર બેઠકો પર તેમના ઉમેદવારો ઉભા કરવાની તૈયારી કરી રહી છે. જેમાં નવી દિલ્હી, સાઉથ દિલ્હી, પશ્ચિમ દિલ્હી અને પૂર્વ દિલ્હી બેઠકોના નામ સામેલ છે. ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં ભાજપે તમામ ૭ બેઠકો કબજે કરી હતી. પંજાબમાં ૧૩ લોકસભા સીટો પર કોંગ્રેસ અને AAP હજુ પણ સહમત નથી. AAP તમામ બેઠકો પર એકલા હાથે ચૂંટણી લડવાના મૂડમાં છે. દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે પણ ૧૦ ફેબ્રુઆરીએ પંજાબમાં આની જાહેરાત કરી હતી. તેમણે ૨૧ ફેબ્રુઆરીના રોજ કહ્યું હતું - પંજાબમાં એકલા લડવાનો નિર્ણય જીતવા માટે લેવામાં આવ્યો છે.

AAPએ ઘણી વખત ભાર મૂક્યો છે કે તે I.N.D.I.A સાથે છે, પરંતુ લોકસભા ચૂંટણી માટે વિવિધ રાજ્યોમાં તેના ઉમેદવારોની જાહેરાત પણ કરી રહી છે. AAPએ ૮ ફેબ્રુઆરીએ આસામની ત્રણ બેઠકો માટે તેના ઉમેદવારોની જાહેરાત કરી હતી.

અગાઉ, જાન્યુઆરીમાં તેમની ગુજરાત મુલાકાત દરમિયાન, કેજરીવાલે ચૈતર વસાવાને રાજ્યની ભરૂચ લોકસભા બેઠક માટે તેમના ઉમેદવાર તરીકે જાહેર કર્યા હતા. પંજાબમાં એકલા હાથે ચૂંટણી લડવાનો નિર્ણય પણ આ પછી આવ્યો છે. કોંગ્રેસના નેતા અહેમદ પટેલ ભરૂચ બેઠક પરથી સાંસદ હતા.

**ૐ નેચર ક્યોર સેન્ટર**
**ડો. સી.ડી. ઓઝા**

**તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે**

- ● શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
- ● નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
- ● નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
- ● જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
- ● કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
- ● મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.

**દરરોજ સાંજે ૭ થી ૮**
**નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે**

ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨

**:: ફ્લેટ વેચવાનો છે ::**

2 BHK ડાઈનીંગ, ફુલ ફર્નીચર, ડાઈનીંગ ટેબલ, સોફાસેટ, પલંગ સાથે તદન વ્યાજબી ભાવમાં, પહેલી નજરમાં આપને ગમી જશે.

નોબલ ટાવર, નહેરૂપાર્ક

**દલાલભાઈ આવકાર્ય**

**મો. ૯૩૨૭૫ ૮૯૪૨૦**

**ડો. રશ્મિ પી. બાલચંદાણી**
Mo. 74859 53500 B.A.M.S.

મંગળ-બુધ-ગુરૂવારે : સવારે ૧૦થી ૧૨-૩૦
શુક્ર-શનિ-સોમવારે : સવારે ૧૦થી ૧૨-૩૦ ● સાંજે ૫ થી ૭-૦૦

ઘુંટણના, વા ના, સાંધાના તમામ દુઃખાવા અને પાચનની તકલીફ - પિત્ત (એસેડીટી) કબજીયાત, ગેસની તકલીફો ચામડીના રોગો, પંચકર્મ દ્વારા સારવાર

ભગંદર, હરસ-મસા, ફિશર
સ્ત્રી રોગ અને ઈનફર્ટીલીટી સારવાર

આયુર્વેદ-પંચકર્મ દ્વારા નવા-જૂના રોગોની સારવાર

**અગ્નિકર્મ-ક્ષારસુત્ર-ગર્ભસંસ્કાર**
**બાળકો માટે સુવર્ણપ્રાશન**
**વ્યસનમુક્તિ સારવાર**

**ડો. શ્રેયસ જી. ભાલોડિયા**
M.S. (Ayurved) Shalya

જુનાગઢ : શુક્રવાર તથા શનિવારે
રાજકોટ : સોમવાર થી ગુરૂવાર
ફકત એપોઈન્ટમેન્ટ થી મળશે.

રાજકોટ માટે ફોન પર એપોઈન્ટમેન્ટ લેવી

**ૐ આયુર્વેદ હોસ્પિટલ**
પ્લેટીનમ-૨, ત્રીજો માળ, યસ બેંક ઉપર, એસ.ટી. કોલોની સામે, કોલેજ રોડ, મોતીબાગ, જૂનાગઢ. ફોન : (૦૨૮૫) ૨૬૭૪૪૨૨
મો. ૭૮૭૮૧ ૫૧૨૧૫
Aum Ayurved Hospital e_mail : aum.ayurved.hospital@gmail.com

**૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી**

**૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી સાથે સંપૂર્ણ આર્યુવેદિક ઔષધી યુક્ત ફાકી ડાયાબિટીસ, હૃદય રોગ, પેટના રોગો, વજન વધારે, પગના અને સ્નાયુના દુખાવા, સંધિવા, કબજિયાત, કોલેસ્ટ્રોલ માટે ફાયદા :**

(૧) - ડાયાબીટીસ નાં દર્દીઓ માટે આ ફાકી સ્વર્ગ સમાન છે.. જેમાં આ ફાકી ૧.૫ માસ (દોઢ માસ), રેગ્યુલર લેવાથી ડાયાબટીસ સંપૂર્ણ કંટ્રોલ થઈ જાય છે. શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો નો અનુભવ થાય છે..

(૨) જે લોકોનું વજન ખૂબ વધારે છે તે લોકો આ ફાકી બે મહિના રેગ્યુલર લેવાથી ૧૦૦% વજન ઘટેછે તેની મની બેક ગેરંટી, આ ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી, ચરબી ઓગળી નાખે છે. અને શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો અનુભવ થાય છે. શરીર સ્લિમ થઈ જાય છે.

(૩) જે લોકોને વર્ષો જૂની કબજિયાત છે, ગેસ, એસિડિટી, પાચનતંત્ર નબળુ હોય, તે લોકો આ ફાકી ફકત એક મહિનામાં પોતાની કમાલ દેખાડે છે..

(૪) જે લોકોને ગોઠણના પગના સાંધાના દુઃખાવા, થોડું ચાલવાથી થાક લાગવો, કમરના દુખાવા કે કોઈપણ જાતના શરીરમાં દુખાવો આ ફાકી એક મહિનો લેવાથી તેમની દર્દ પીડા દૂર થાયછે..

**નોંધ : આ ફાકીમાં સ્ટીરોડ કે પેઈન કિલર દવાનો ઉપયોગ કરવામાં આવતો નથી.**
**આ ફાકીનું રીઝર્ટ એક મહિનામાં મળશે**

**:: ફોન કરવા માટેનો સમય ::**
**સવારે ૧૦ થી ૧:૩૦ સુધી - સાંજે ૫ થી. ૮:૩૦ સુધી જ**

**૧૫ દિવસ ની ફાકી ની કિંમત ૨૨૫/-**
**૧ મહિનાની ફાકી ની કિંમત ૪૫૦/-**

ફાકી લેવાની રીત :- સવારે નવશેકા પાણીમાં એક ચમચી લઈ શકાય... (આ આર્યુવેદીક ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી.)
આ એક જ ફાકી તમામ દર્દમાં ફાયદો કરે છે

**આ ફાકી અન્ય કોઈ જગ્યાએ મળશે નહી**

**સંપર્ક : મો. ૯૩૭૬૬ ૦૫૫૬૨, જૂનાગઢ**

**તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત**
**(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)**

**ડૉ. ધવલ સંઘવી**

બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




**તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત**

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

**દરેક જગ્યાએ ઉપલબ્ધ**

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
**અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...**

**ઓફર...ઓફર...** M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨

તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.




MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ

**0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ**

જે.વી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.

**માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.**

C M Y K

# માણાવદર ખાતે થયેલ યુવાનની હત્યાના બનાવ અંગે મહિલા સહિત ૩ની ધરપકડ



(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૪

માણાવદરનાં યુવાનની હત્યામાં પોલીસે મહિલા સહિત ૩ની ધરપકડ કરી હજુ ફરાર ૨ શખ્સોને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા છે. ગુરૂવારે માણાવદર શહેર ભાજપ અનુસૂચિત જનજાતિ મોરચાના પ્રમુખ જગદીશભાઈ લખમણભાઈ ઉલવા (ઉ.વ.૩૪) બપોરે માતાજીના છેલણ પ્રસંગમાં જમીને પોતાના બાઈક ઉપર ઘર તરફ જઈ રહ્યા હતા.

ત્યારે ઘર પાસે પહોંચતા હાર્દિક વેજાભાઈ મોરી, વેજાભાઈ પોલાભાઈ મોરી, પુરી વેજાભાઈ મોરી, રાજુ લખમણભાઈ કોડીયાતર અને એભા લખમણભાઈ કોડીયાતરે જગદીશભાઈ ઉપર કુહાડી, છરી વડે હુમલો કરી હત્યા નીપજાવીને નાસી ગયા હતા. આ અંગે મૃતકના પિતરાઈ ભાઈ મુળુભાઈ ઉલવાની ફરિયાદના આધારે આરોપીઓને ઝડપી લેવા માટે સ્થાનિક માણાવદર પોલીસ તેમજ એલસીબી અને એસઓજીની ટીમે તપાસ હાથ ધરી હતી. દરમ્યાન પીએસઆઈ સી. વાય. બારોટ અને તેમની ટીમે ગણતરીના કલાકોમાં પૂરીબેન વેજાભાઈ મોરી (ઉ.વ.૪૫) રહે.મહાદેવીયા મંદિર પાસે, ટેલિફોન એકસચેન્જ સામે, માણાવદર તથા રાજુ લખમણભાઈ કોડીયાતર (ઉ.વ.૨૭) રહે.પ્રતાપમિલ પાછળ, ઈન્ડિયન ગેસ ગોડાઉન પાસે, રઘુવીરપરા, માણાવદર અને તેનો ભાઈ એભા લખમણભાઈ કોડીયાતરની અટક કરી અન્ય આરોપીઓને ઝડપી લેવા માટે વધુ તપાસ હાથ ધરી છે.

# ભેસાણના પીએસઆઈ તરીકે ચાર્જ સંભાળતા એમ.એન. કાતરીયા



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૪

તાજેતરમાં જૂનાગઢ જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતા દ્વારા પીએસઆઈઓની બદલી કરતા ભેસાણ પોલીસ સ્ટેશનના પીએસઆઈ તરીકે એમ.એન. કાતરીયા મુકાતા તેઓએ વિધીવત કાર્યભાર સંભાળી લીધો છે. કાતરીયા અગાઉ સુરત શહેરમાં પાંડેસરા વરાછા સાલબતપુરા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવી ચુકયા છે. તેઓ કડક પોલીસ અધિકારીની છાપ ધરાવે છે. તેઓએ જણાવ્યું હતું કે, પ્રજાની સલામતી સુરક્ષાને પ્રાથમિકતા અપાશે અને ભેસાણ તાલુકામાં કોઈપણ પ્રકારની અસામાજીક પ્રવૃતિ લુખ્ખાગીરી નહી ચલાવી લેવાય ભેસાણ પંથકની આમ જનતાને શાંતિ અને સલામતીનો સતત અહેસાસ કરાવીશ અને પોલીસ પ્રજાની મિત્ર છે. તે સુત્ર ચરિતાર્થ થાય અને લોકોને કોઈપણ પ્રકારના અસામાજીકો રંજાડ કરે તો સીધો જ પોલીસ સ્ટેશન ખાતે સંપર્ક સાધવો જેથી તેમની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે તેમ અંતમાં જણાવ્યું હતું.

### કસ્ટોડીયલ ડેથ મામલે

# જૂનાગઢ પોલીસ સામે એડવોકેટ હેમાબેન શુકલએ રાષ્ટ્રીય માનવાધિકાર પંચમાં ફરીયાદ કરી

જૂનાગઢ તા.૨૪

જૂનાગઢ પોલીસ કસ્ટડીમાં આરોપીને યાતનાઓ આપવાના આક્ષેપનો પ્રશ્ન છેક રાષ્ટ્રીય માનવાધિકાર પંચ સુધી પહોંચ્યો છે. મહિલા એડવોકેટ હેમાબેન શુકલાએ જણાવ્યુ છે કે જૂનાગઢ પોલીસ દ્વારા પોલીસ કસ્ટડીમાં લાંચ માટે માર મારી. કસ્ટડીમાં રહેલ કેદીને મૃત્યૃ થાય તેવી ઈજા પહોંચાડી અને ગુન્હેગારો સામે કાર્યવાહી કરવા તેમજ અન્ય કિસ્સામાં કેદીઓ સાથે બર્બરતા આચરી સત્તાનો દુરૂપયોગ કર્યો છે. જેની સામે કોઈપણ પ્રકારની કાર્યવાહીન થવાની લીધે કસ્ટોડીયન ટોર્ચર કરનાર ગુન્હેગારને પ્રોત્સાહન મળે છે. જૂનાગઢ પોલીસ કસ્ટડીમાં યાતનાઓ વધી રહી હોવાના આક્ષેપ સાથેની આ અરજીમાં પાંચ કિસ્સાઓને ટાંકવામાં આવ્યા છે. જેમાં શહેર બી-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં હર્ષીલ જાદવ સામે ૪૦૬, ૪૨૦ હેઠળ ગુન્હો દાખલ થયેલ. જમાં પી.એસ.આઈ. મુકેશ મકવાણા દ્વારા તેમને અરેસ્ટ કરી કોર્ટમાં રજુ કરાતા તેમને રિમાન્ડ આપતા તેમને પોલીસ સ્ટેશનમાં લાવી ઢોર માર મારી લાંચ માંગવામાં આવી હોવાની વાત રિમાન્ડ પુરી થયા બાદ હર્ષીલ જાદવે કોર્ટ સમક્ષ કરી છે. જેને તાત્કાલિક દવાખાનામાં સારવાર માટે આદેશ કરવામાં આવે છે. ખુબ માર મારવાને લીધે તેનું મૃત્યૃ થય હોવાનું આ અરજીમાં જણાવાયું છે. જેમાં પી.એસ.આઈ. મકવાણા સામે પોલીસ સ્ટેશનમાં ફકત ગુન્હાની નોંધ થઈ છે. આજદિન સુધી પોલીસ સ્ટેશનના અન્ય કર્મચારીઓ સામે કોઈ પ્રકારની કાર્યવાહી થઈ નથી. આવો બીજો કિસ્સો જૂનાગઢ પી.ટી.સી. ના ડ્રાઈવર બ્રિજેશ લવાડીયાનો છે.

જેમાં ડી.વાય.એસ.પી. ખુશ્બુ કાપડીયા સામે આક્ષેપ થયો છતાં પોલીસ ફરિયાદ ન થઈ અને હાઈકોર્ટની દરમ્યાનગીરી બાદ પોલીસ દ્વારા એફ.આઈ.આર. નોંધવામાં આવી. ત્રીજો કિસ્સો જૂનાગઢ સી-ડિવિઝન પોલીસનો છે. જેમાં હિરાભાઈ રૂપાભાઈ બજાણીયાનું કસ્ટોડીયલ ડેથ એટલે કે આઈ.પી.સી. ૩૦૨, ૩૨૩ સહિતના ગુન્હાની કલમમાં કોર્ટમાં કેસ ચાલી જતા આરોપી પોલીસને નિર્દોષતો છોડી મુકવામાં આવ્યા પણ માનવ અધિકારી પંચે આ કેસને સાદીત માની સરકારને રૂા.૭ લાખનો દંડ ફટકાયો અને એ દંડ ભરી પણ દેવાયા છતાં કોઈપણ પોલીસ કર્મચારીઓ સામે કોઈપણ ગંભીર પ્રકારની ખાતાકિય કાર્યવાહી થઈ હોય તેવું જાણમાં નથી. આવાજ વધુ એક કેસમાં તાજેતરમાં જૂનાગઢ ઝાંઝરડા રોડ ઉપર યુનિયન બેંક ઓફ ઈન્ડિયાના મેનેજર એવા ઉચ્ચ અધિકારીનું એજ બેંકના તેનાથી ઉચા અધિકારી દ્વારા ટોર્ચર થવાને કારણે ગળાફાંસો ખાઈ તેણે આત્મહત્યા કરી લીધી હોવાનો ખુલ્લો આક્ષેપ થયો અને આ બાબતમાં સ્યુસાઈડ નોટ લખેલ હોવા છતાં બી-ડિવીઝન પોલીસે માત્ર એક્સીડેન્ટલ ડેથ કરી કોઈ સામે એ.આઈ.આર. નોંધી નથી. જે માનવ હક્કોનું ખુલ્લુ ઉલ્લંઘન છે એવા આક્ષેપ સાથે આ અરજીમાં આ બાબતની પણ ઉંડાણપૂર્વક તપાસ કરવા માંગણી કરાઈ છે.

## અવસાન નોંધ : બેસણું



જૂનાગઢ : જૂનાગઢ નિવાસી ગં.સ્વ. ઈન્દુમતીબેન દુર્લભજીભાઈ નાગ્રેચા તે સુરેશભાઈ(કોકો બેંક), મનિષભાઈ (બહાઉદ્દીન કોલેજ) અને રાજુભાઈના કાકી તા.૨૩-૦૨-૨૪ના રોજ શ્રીજી ચરણ પામેલ છે. સદાગતનું બેસણું તથા પિયર પક્ષની સાદડી આજ તા.૨૪-૦૨-૨૪ શનિવારના રોજ વડલેશ્વર મહાદેવ, વણઝારી ચોક ખાતે સાંજે ૫ થી ૬ કલાકે રાખવામાં આવેલ છે.

## અવસાન નોંધ

રાજકોટ : મધુબેન છગનભાઈ ખારેચા તે છગનભાઈ ભુરાભાઈ ખારેચાના ધર્મપત્ની, મનહરભાઈ, ભરતભાઈ, સુરેશભાઈ, અશોકભાઈના માતા તા. ૨૩-૨-૨૪ શુક્રવારનાં રોજ શ્રીજીચરણ પામેલ છે. સદગતનું બંને પક્ષનું બેસણું તા. ૨૬-૨-૨૪ સોમવારે સાંજે ૪.૩૦ થી ૬, સ્વામિનારાયણ મંદિર૫ કાલાવડ રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

## ઝાલણસર ગામે જુગાર દરોડો : પાંચ ઝડપાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૪

જૂનાગઢ તાલુકાના ઝાલણસર ગામે પોલીસે ચોક્કસ બાતમીના આધારે જુગાર અંગે દરોડો પાડતા પાંચ શખ્સોને કુલ રૂા.૨૫,૬૬૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ તેમના વિરૂધ્ધ જુગાર ધારા હેઠળ કાર્યવાહી હાથ ધરી છે.

જયારે માળીયહાટીના પોલીસે ગઈકાલે ચોક્કસ બાતમીના આધારે દુધાળા ગામે જુગાર અંગે દરોડો પાડતા ચાર શખ્સોને રૂા.૯૬૦ના રોકડ મુદ્દામાલ સાથે જાહેરમાં જુગાર રમતા ઝડપી લીધેલ છે.

### CHANGE OF NAME

I Have Change My Name From JETHVA MUSTAQAHEMAD HARUNBHAI To JETHVA MUSTAK HARUNBHAI. NoW Onward I Would Be Known As Per My New Name JETHVA MUSTAK HARUNBHAI

:: Address ::
Jethva Mustak Harunbhai
"Zilleraza"Chakkar falia, sukhnath chowk
Junagadh. 362001(Gujarat) Mo.99134 65650

### CHANGE OF NAME

I Have Change My Name From LOHANI IKBALMOHAMMADKHAN ABDULRAHIMKHAN To LOHANI IQBALMAHAMADKHAN ABDULRAHIMKHAN. Now Onward I Would Be Known As Per My New Name LOHANI IQBALMAHAMADKHAN ABDULRAHIMKHAN

:: Address ::
Lohani Iqbalmahamadkhan Abdulrahimkhan
Buker Falia, Near Masjid, Titodi Darbar Dela
Junagadh-362001(Gujarat) Mo.99043 32803

### CHANGE OF NAME

I Have Change My Name From LOHANI REMATMA IQBALMOHAMMADKHAN To LOHANI RAHEMATBEN IQBALMAHAMADKHAN. Now Onward I Would Be Known As Per My New Name LOHANI RAHEMATBEN IQBALMAHAMADKHAN

:: Address ::
Lohani Rahematben IqbalMahamadkhan
Buker Falia, Near Masjid, Titodi Darbar Dela
Junagadh-362001(Gujarat) Mo.99043 32803


**મકાન વેંચવાનું છે**

જૂનાગઢનાં પોશ વિસ્તાર નાની દાણાપીઠ સોસાયટીમાં લગભગ ૩૦૦ વાર જમીન મકાન સાથે વેંચવાનું છે.
: કોન્ટેક :
મો.૯૬૦૧૨ ૭૨૯૬૫

**મહાશિવરાત્રીનાં મેળામાં ૫ દિવસ**

૧૦ X ૧૨ સાઈઝમાં ફુલ LED સ્ક્રીનમાં ફોટો અથવા વિડીયો જાહેરાત આપો.
: કોન્ટેક :
મો.૭૪૮૭૯ ૨૮૨૭૨

**નાઈટમાં મેનેજર જોઈએ છે**

**હોટલ સોમનાથ**

રેલ્વે સ્ટેશન રોડ, જૂનાગઢ
રૂબરૂ મળો
સવારે ૧૦ થી ૧૨


# જૂનાગઢમાં શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર ખાતે પૂનમની ભકિતભાવપુર્વક ઉજવણી




## ધ્વજારોહણ સહિતના કાર્યક્રમો યોજાયા : ભાવિકોએ લીધો દર્શનનો લાભ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૪

જૂનાગઢના જવાહર રોડ ઉપર આવેલા શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર ખાતે આજે પૂનમની ભકિતભાવપુર્વક ઉજવણી કરવામાં આવી હતી. ભગવાન સ્વામિનારાયણના સ્વહસ્તે પધરાવાયેલા દેવો અહીં બિરાજમાન છે અનો અહીં આવનારા શ્રધ્ધાળુઓ ભાવિકોની મનોકામના પુર્ણ કરે છે એવા જૂનાગઢ ખાતે આવેલા મુખ્યધામમાં વર્ષ દરમ્યાન અનેક ધાર્મિક કાર્યક્રમો યોજવામાં આવે છે. ચેરમેન પુ. દેવનંદન સ્વામિ, મુખ્ય કોઠારી સ્વામિ પૂ. પ્રેમસ્વરૂપદાસજી તેમજ પૂ. પી.પી. સ્વામિ અને સંતોના માર્ગદર્શન હેઠળ અહીં આવનારા ભાવિકો માટે પ્રસાદ ભોજન સહિતની વ્યવસ્થા કરવામાં આવે છે. દુર દુરથી ભાવિકો ખાસ પૂનમ ભરવા આવતા હોય આજે સવારથી જ માનવ મહેરામણ ઉમટી પડયો હતો અને ભાવિકોએ દર્શનનો લાભ લીધો હતો તેમ પ્રફુલભાઈ કાપડીયાની યાદીમાં જણાવેલ છે.

## વંથલી નજીક ત્રીપલ સવારીમાં જતા મોટરસાઈકલ આડો ખુંટીયો ઉતરતા અકસ્માત : એકનું મૃત્યું

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૪

વંથલી તાલુકાના સાતલપુર ધાર નજીક બનેલા એક બનાવમાં મોટરસાઈકલની આડો ખુંટીયો ઉતરતા અકસ્માત સર્જાયો હતો. જેમાં એકનું મૃત્યું થયું છે. આ બનાવ અંગે વંથલી પોલીસે આપેલી વિગત અનુસાર, તુષારભાઈ ઉર્ફે તુલીસી મહેન્દ્રભાઈ ઉર્ફે માધાભાઈ રાઠોડ(ઉ.વ.૨૩) રહે.બહારપરા વાળા મોટરસાઈકલ ચલાવતા હોય અને વંથલીથી મોટરસાઈકલ નંબર જીજે-૧૧-સીએન-૨૧૮૬ લઈને પરત ત્રીપલ સવારીમાં માણાવદર જતા હોય આ દરમ્યાન રોડની એક સાઈડમાં જતા હતા તે વખતે અચાનક એક ખુંટીયો આડો રોડ ઉપર આવી જતા મોટરસાઈકલ સાથે અથડાયેલ અને અકસ્માતનો બનાવ બનતા મોટરસાઈકલ ચાલક તુષારભાઈ ઉર્ફે તુલીસી મહેન્દ્રભાઈ ઉર્ફે માધા રાઠોડને માથાના ભાગે તથા શરીરે જીવલેણ ઈજાઓ થતા તેઓનું મૃત્યું થયું છે. જયારે સાહેદ જયભાઈ ખંઢેરા તથા યશ નકુમને શરીરે નાની મોટી ઈજાઓ થઈ છે. આ અકસ્માતના બનાવની જાણ થતા વંથલી પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

## મેંદરડાના દાત્રાણામાં જીંદગીથી કંટાળી જીવનનો અંત આણ્યો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૪

મેંદરડા તાલુકાના દાત્રાણા ગામે રહેતા દેવાયતભાઈ બાઘુભાઈ બારીયા (ઉ.વ.૪૨)એ જીંદગીથી કંટાળી જઈ અને પોતાની મેળે પોતાના ઘરે ઘઉંમાં નાખવાના ઝેરી ટીકડા પી જતા તેનું મૃત્યું થયું છે. મેંદરડા પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

## જૂનાગઢમાં ઘઉંમાં નાખવાની ઝેરી દવા પી જતા મૃત્યું

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૪

જૂનાગઢમાં મુળ ઈન્દીરાનગર, બિલખા રોડ, પીટીસી ગ્રાઉન્ડની પાછળ રહેતા અને હાલ સુરત ખાતે રહેતા રોનક શૈલેષભાઈ મારડીયા(ઉ.વ.૧૭) નામના સગીરને જૂનાગઢથી સુરત આવવું ન હોય અને સુરતમાં રહેવું ગમતું ન હોય જેથી તેને લાગી આવતા પોતાની મેળે ઘઉંમાં નાખવાના ઝેરી સેલફોસનું ટીકડુ પી લેતા તેને ઝેરી અસર થતા તેનું મૃત્યું થયું છે. આ બનાવ ૨૨-૨-૨૦૨૪ કલાક ૧૮:૫૪ના અરસામાં બનવા પામેલ. આ બનાવ અંગે એ ડીવીઝન પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.



દર બુધવારે અને શનિવારે પ્રસિદ્ધ થાય છે

સૌરાષ્ટ્ર દૈનિક ભૂમિ
• ટચૂકડી જાહેર ખબર •
જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦

આ જાહેરાત ફકત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે

પાર્સલ સેવા આપવામાં આવશે
**રાજ ડાયનીંગ હોલ**
સંપૂર્ણ ગુજરાતી કાઠીયાવાડી થાળી
જૂનાગઢ શહેરના હદયસમાકાળવાચોકમાં
આપના શુભ પ્રસંગે પાર્ટી ઓર્ડર આવકાર્ય છે.
દર રવિવારે ગુજરાતી થાળીમાં સ્પે. પંજાબી શાક તેમજ ઉંધીયુ મળશે.
**રાજ ડાયનીંગ હોલ**
કાળવા ચોક, જૂનાગઢ.

**સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો**



**ધીરૂભાઈ જે. સોની**
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નં. ૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

**ન્યુ બોમ્બે ઈલે.**
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૧ વર્ષથી પ્રખ્યાત નામ
**વિજય ઘી ડીપો**
શિયાળાની ગુલાબી તંદુરસ્તી માટે
અળદીયા માટેનું શુધ્ધ ઘી લેબોરેટરી ટેસ્ટ
ભેંસનું તથા ગાયનું શુધ્ધ ઘી મળશે
(તાજુ માખણ મળશે)
**વિજય ઘી ડીપો**
ડબાગલી રોડ, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
મો. ૭૨૦૨૦ ૨૫૧૨૩

**દિપક ફટાકડા સેન્ટર**
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે
**દિપક ફટાકડા સેન્ટર**
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જૂનાગઢ.
ફોન: ૨૬૫૨૬૧૨

**સ્વાદનો ચટકો !**
અમારે ત્યાંથી
• પાણીપુરી • ભેળ • સમોસા રગડો
• મસાલાપુરી • દાબેલી • રગડા પેટીસ
• દહીપુરી • દિલ્હી ચાટ • બાસ્કેટ ચાટ
• સેવપુરી • લસણીયા બટેટા
તેમજ ફરાળી વાનગી, દહીંવડા, ફરાળી ભેળ, રસ ચેવડો, દહીં ચેવડો વગેરે આઈટમો મળશે
:: ખાસ નોંધ ::
લગ્ન પ્રસંગે, પાર્ટી પ્રસંગે તેમજ અન્ય પ્રસંગોએ બહારના ઓર્ડર ઉપર પુરતું ધ્યાન આપવામાં આવશે.
**જલારામ પાણીપુરી**
પંચહાટડી ચોક, શ્રીરામ મંદિરની બાજુમાં, જૂનાગઢ.
જગદીશભાઈ સોઢા : મો. ૯૬૮૭૫ ૫૭૬૨૧

**સ્પે. રજબનો રોટ માત્ર રૂા. ૨૪૦માં કિલો**
**નારાયણ બેકરી**
સુખનાથ ચોક જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
**જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર**
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ

**ગજાનન આઈસ્ક્રીમ**
અંદર બેસવાની સુંદર વ્યવસ્થા
ક્રીમ લચ્છી
સન્ડે આઈસ્ક્રીમ
ક્રિમ મિલ્ક સેઈક
શિખંડ - બાસુંદી - દહીંવડા
કાળવા ચાર રસ્તા કોર્નર, જુનાગઢ.

**વંદના બેકરી**
તળાવ સ્ટ્રીટ, જૂનાગઢ
મો. ૮૩૨૦૧ ૫૨૭૫૨

# મહા શિવરાત્રીનાં મેળાને ભવ્ય બનાવવા બેઠક યોજાઈ

## મહાશિવરાત્રીના મેળાની ગરિમાને અનુરૂપ ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમનું પણ જીલ્લા વહીવટી તંત્ર દ્વારા આયોજન






જૂનાગઢ તા.૨૪

પૌરાણિક અને આધ્યાત્મિક મહત્વ ધરાવતા મહાશિવરાત્રીના મેળાના સુચારું આયોજન માટે અને ગિરનાર તીર્થક્ષેત્રના સાધુ સંતો, પદાધિકારીશ્રીઓ અને ઉતારા મંડળના પ્રતિનિધિઓ સાથે કલેકટર અનિલકુમાર રાણાવસિયાની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ હતી.

કલેકટર કચેરી ખાતે મળેલી આ બેઠકમાં મેયર શ્રીમતી ગીતાબેન પરમાર, મુક્તાનંદબાપુ હરીગીરીજીબાપુ, શેરનાથબાપુ, મહેશગીરી બાપુ, સહિતના ગણમાન્ય સાધુ સંતોની ઉપસ્થિતિમાં મહાશિવરાત્રીના પરંપરાગત મેળામાં ઉમટતા લાખો ભાવિકોને જરૂરી પ્રાથમિક સુવિધાઓ મળી રહે અને ટ્રાફિક સહિતની વ્યવસ્થાઓ જળવાઈ રહે તે માટે પરામર્શ કરવામાં આવ્યો હતો. આ સાથે સાધુ સંતો, ઉતારા મંડળના પ્રતિનિધિઓએ જરૂરી સૂચનો કર્યા હતા.

કલેકટર અનિલ કુમાર રાણાવસીયા એ જણાવ્યું કે, જૂનાગઢની પવિત્ર ધરતી ઉપર સાધુ સંતોના આશીર્વાદ મેળવવા માટે આસ્થાભેર લાખો શ્રદ્ધાળુ મહાશિવરાત્રીના મેળામાં ભાવપૂર્વક પધારે છે. ત્યારે તેમને જરૂરી સુવિધાઓ મળી રહે તે તંત્રની જવાબદારી છે. તેના ભાગરૂપે મેળાના રૂટનું નિરીક્ષણ પણ કરવામાં આવ્યું હતું. ઉપરાંત મેળા દરમિયાન સફાઈ, પાણી, વીજળી શૌચાલય સહિતની વ્યવસ્થાઓ અને સુવિધા માટે જરૂરી આયોજનો કરવામાં આવ્યું છે.

ટ્રાફિક વ્યવસ્થા પણ જળવાઈ રહે તે માટે ડ્રોન દ્વારા નિરીક્ષણ કરવામાં આવશે. ઉપરાંત પાર્કિંગ માટે બે નવા સ્થળો પણ આઈડેન્ટીફાય કરવામાં આવ્યા છે. ભવનાથ પહોંચવાના રસ્તા પર ટ્રાફિક ન સર્જાય તે માટે એસ.ટી બસના રૂટને સર્ક્યુલર વે માં ગોઠવવામાં આવ્યો છે.

આ મેળામાં આરોગ્યની સુવિધામાં વધારો કરતાં ઈમરજન્સીની સ્થિતિમાં લોકોને હેલ્થ સેવાઓ મળી રહે તે માટે બાઈક એમ્બ્યુલન્સ રાખવામાં આવશે. આ માટે ફાયર અને હેલ્થની ટીમ વચ્ચે જરૂરી સંકલન કરવામાં આવ્યું છે. ઉપરાંત ઉતારા મંડળ નજીક હેલ્થ સુવિધા રાખવાની સાથે આરોગ્ય માટે જરૂરી દવાઓની કીટ આપવાનું પણ આયોજન કરાયું છે. ઉપરાંત મેળાની ગરિમાને અનુરૂપ ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમનું પણ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આયોજન કરવામાં આવ્યું છે, તેમ કલેક્ટરે જણાવ્યું હતું. મુક્તાનંદ બાપુએ ભાવિકોને પીવાના પાણી કાયમી ધોરણે મળી રહે તે માટે વરસાદી પાણીના સંગ્રહના ટાંકા બનાવવા માટે પહેલ કરી હતી. તેમણે સુમેળ સાથે પરિવર્તનનો સ્વીકાર કરવા જોઈએ તેમ પણ જણાવ્યું હતું. હરિગીરીબાપુએ સૌએ કર્તવ્યનું નિર્વાહન સાથે મહાશિવરાત્રીની મેળાની આધ્યાત્મિક ગરિમા વધારવા જણાવ્યું હતું. શ્રી ઈન્દ્રભારતી બાપુએ કહ્યું કે, સાધુ સંતો તંત્રની સાથે છે દર વખતની જેમ આ વર્ષે પણ સુંદર મેળો યોજાશે. મહેશગીરી બાપુએ પણ મેળામાં આવતા ભાવિકોને સાધુ સંતોના રવેડીમાં દર્શન થઈ શકે તે માટે જરૂરી સૂચનો કર્યા હતા. આ બેઠકમાં જૂનાગઢ મહાનગરપાલિકાના શૈલજા દેવી, નગરસેવક એભાભાઈ કટારા, પૂર્વ મેયર જ્યોતિબેન વાછાણી, યોગેન્દ્રસિંહ પઢિયાર, નિર્ભય પુરોહિત, અશ્વિનભાઈ મણિયાર તથા ઉતારામંડળના ભાવેશ વેકરિયા, તથા વિવિધ ઉતારા મંડળ અને અન્નક્ષેત્રના સંચાલકો-પ્રતિનિધિઓ તેમજ મ્યુ.કમિશનર ઓમ પ્રકાશ, અધિક નિવાસી કલેકટર એન.એફ. ચૌધરી, નાયબ વન સંરક્ષક અક્ષય જોશી, પ્રાંત અધિકારી ભૂમિબેન કેશવાલા, ડીવાયએસપી હિતેશ ધાંધલ્યા, પુરવઠા અધિકારી, વન, આરોગ્ય, આરટીઓ સહિતના વિભાગના અધિકારીઓ, સંતો-મહંતો અને આગેવાનો બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા.

# કેન્સર જેવા અસાધ્ય રોગને તબીબો, દર્દીઓ અને કેન્સર હોસ્પીટલોના પ્રયત્નોએ બનાવ્યો સાધ્ય

## કેન્સર એટલે કે કેન્સલ નહી તેવી સમાજની માનસીકતા દુર થવી આવશ્યક : ડો.નિશા ઘોડાસરા

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૨૪

કેન્સર એ નામ માત્રથી જ દર્દી તથા તેમના પરિવારજનોમાં ભયનો માહોલ થઈ જાય છે. પરંતુ હવેની નવિનતમ અને અદ્યતન મશીન તથા નવીન સારવાર પધ્ધતીઓથી કેન્સર જેવા રોગનું વહેલું નિદાન તથા સારવાર પહેલાની સરખામણીમાં ખુબ જ સરળ અને અસરકારક નિવડયું છે.

રાજકોટ કેન્સર સોસાયટી (નાથાલાલ પારેખ કેન્સર હોસ્પિટલ)ના ઓન્કો રેડીયોલોજીસ્ટ ડો.નિશા ઘોડાસરા એ જણાવેલ કે રાજકોટ કેન્સર સોસાયટીમાં રેડીયોડાયગ્નોસીસ વિભાગમાં કેન્સર રોગના વહેલા તથા ઝડપી નિદાનમાટેના તમામ અદ્યતન સાધનો (મશીન)ઉપલબ્ધ છે,જેવા કે એમ.આર.આઈ,સીટી સ્કેન,સોનોગ્રાફી (યુ.એસ.જી.), કલરડોપલર, મેમોગ્રાફી વગેરે અને આ સાથે સોનોગ્રાફી અને સીટી સ્કેન ગાઈડેડ બાયોપ્સી પણ થાય છે.જે કેન્સર રોગની પૃષ્ટી માટે ખુબ જ આવશ્યક છે.

કેન્સર રોગના નિદાનના પ્રથમ તબકકા રૂપે એકસ–રે અને સોનોગ્રાફી ખુબ જ ઉપયોગી છે તથા તેના ચિવટ પુર્વકના નિદાન અને ખાતરી માટે સીટી સ્કેન,એમ.આર.આઈ ખુબ જ અસરકારક નિવડયું છે. ફકત વહેલા નિદાન માટે જ નહિ પરંતુ આગળ જતા સારવાર માટેનું આયોજન તથા સારવાર પુર્ણ થયા બાદની અસરકારકતા ચકાસવા માટે સમયાંતરે દર્દીની તપાસ માટે પણ રેડિયોલોજી વિભાગના ઉપકરણો ખુબ જ મદદરૂપ થાય છે.



રાજકોટ કેન્સર સોસાયટીમાં બાળકોથી લઈને પ્રૌઢ સુધી દરેકના નિદાન અને સારવાર ઉપલબ્ધ છે.અહી રેડિયોડાયગ્નોસીસ વિભાગમાં રોજના ૧૦૦ થી વધુ દર્દીઓના નિદાનસફળતાપુર્વક થાય છે. સ્ત્રીઓમાં ઝડપથી વધી રહેલા બ્રેસ્ટ કેન્સરની જાગૃકતા માટે કુંડારીયા કેન્સર પ્રવિન્શેન ફાઉન્ડેશન દ્વારા મેમોગ્રાફી કેમ્પનું આયોજન પણ દર અઠવાડિયામાં બે થી ત્રણ દિવસ થાય છે જે સામાન્યવ્યકિતઓને પણ પરવડે તેટલા ઓછા દરે થાય છે. પહેલાના સમયમાં અસાધ્ય ગણાતો રોગ કેન્સર હવે ડોકટરો,દર્દીઓ અને કેન્સર હોસ્પિટલ જેવી સંસ્થાઓના પ્રયત્નોથી દરેક સ્તરના વ્યકિતઓ માટે હવે સાધ્ય છે. એટલા માટે જ કેન્સર રોગ માટેનું નવું સુત્ર "કેન્સર એટલે કેન્સલનહિં" તદન સાર્થક પુરવાર થયુ છે.

# ભેંસાણ તાલુકામાં આવેલા ધોલાઈ ઘાટોના કેમીકલ યુકત પાણીના કારણે ખેડુતોની સેકડો એકર જમીન બંજર બની જશે

## સરકાર દ્વારા તત્કાલ કાર્યવાહી કરવા જૂનાગઢ જીલ્લા કોંગ્રેસની માંગ

જૂનાગઢ, તા.૨૪

રાજકોટ જીલ્લાના જેતપુર તાલુકાના ડાઈંગ ઈન્ડસ્ટ્રીયલ્સ ઉદ્યોગના જુનાગઢ જીલ્લાના ભેંસાણ તાલુકામાં આવેલ કાયદેસર અને ગેરકાયદેસર ધોલાઈ ઘાટોના કલર વાળા કેમીકલ્સ યુક્ત પાણી ભેંસાણ થી ઉબેણ નદીમાં સને-૨૦૧૯ થી ઠલાવાતું હોવાના કારણે હાલ તે કેમીકલ્સ યુક્ત કલર વાળુ પાણી ઓઝત, ઉબેણ નદી કાઠા વિસ્તારના ભેંસાણ, વિસાવદર, જુનાગઢ, વંથલી, માણાવદર, કેશોદ સુધી પહોંચ્યું છે. જેના કારણે ખેડૂતોની સેકડો એક માત્ર આજીવિકા સમાન ખેતીની જમીનો બંજર બની જશે. જેના કારણે ખેત આધારીત ખેડૂતો અને શ્રમિકો આર્થીક રીતે પાયમાલ થઈ જશે. તેવી રજુઆત મહામુહિમ રાજયપાલશ્રીને સંબોધીને જુનાગઢ જીલ્લા કોંગ્રેસના પ્રમુખશ્રી ભરતભાઈ અમીપરા અને મહામંત્રી વી.ટી.સીડા મારફત જુનાગઢ જીલ્લા કલેકટરને ૧-આવેદનપત્ર આપી રજુઆત કરેલ છે. અને જણાવ્યું છે. કે, હવે એ દિવસો દૂર નથી. કે, ઓઝત, ઉબેણ નદી કાઠા વિસ્તારના ભેંસાણ, વિસાવદર, જુનાગઢ, વંથલી, માણાવદર, અને કેશોદના લોકોને પીવા માટેના મીઠા પાણીને શોધવાના પણ ફાફા થશે. અને મોંઘા ભાવનું પીવાનું પાણી પણ ખરીદવું પડશે. તેટલું જ નહી. આ ભેંસાણમાં આવેલ ગેરકાયદેર અને કાયદેસર મુઠ્ઠીભર ઉદ્યોગ પતિઓને માલામાલ કરવા ધોલાઈ ઘાટનું પાણી સીધ્ધું જ ઓઝત અને ઉબેણ નદીઓમાં છોડવવામાં આવે છે. જેના કારણે તે નદી કાઠા વિસ્તારના ખેડૂતોના વાવ-કુવા અને બોર ના તરમાં કેમિકલ્સ યુક્ત પાણી ઠેટ વંથલી સુધી પહોંચ્યું છે. જો રાજય સરકાર આ પ્રશ્નની ગંભીરત્તા સમજીને જેતપુરના ડાઈંગ ઈન્ડસ્ટ્રીયલ્સ ઉદ્યોગ સામે તાત્કાલીક ધોરણે કોઈ કાર્યવાહી નહી કરી તો, જુનાગઢ જીલ્લાના કુલ-૯ તાલુકાઓના ખેડૂતોની એકમાત્ર આજીવીકા સમાજ ખેતીની જમીન બંજર બની જશે. અને લોકોના આરોગ્ય સામે ભયંકર ખતરો ઉભો થશે. તેટલું જ નહી આ કેમિકલ્સ યુક્ત કલર વાળા પાણીથી માલ-ઢોર અને પશુ-પક્ષીઓ તેમજ જળપ્રાણીઓનું નાશ થશે. તે પહેલા રાજય સરકાર તાત્કાલીક કાર્યવાહી કરે તેવી માંગણી જૂનાગઢ જીલ્લા કોંગ્રેસ પ્રમુખ ભરતભાઈ અમીપરા અને મહામંત્રી વી.ટી. સીડા એ રાજયપાલને જીલ્લા કલેકટર, જૂનાગઢ મારફત અપાયેલ આવેદપત્ર જણાવેલ છે.


# ઉના તાલુકાના મારૂ કુંભાર સમાજ માંથી ત્રણ યુવાનોને સરકારી નોકરી મળતા આનંદની લાગણી પ્રસરી

(નિરવ ગઢીયા દ્વારા)

ઉના, તા.૨૪

ગુજરાત રાજયના ગીર સોમનાથ જિલ્લાના ઊના તાલુકાના ઊના, ખાપટ, કંસારી, વાવરડા, ભાચા, ભડીયાદર, વાજડી, જુના ઉગલા, અંબાડા, ધોકડવા, કાંધી અને પડા અને દીવ ગામમાં વર્ષોથી વસવાટ કરતા અને ધંધાર્થે સુરત, વાપી, વલસાડ, સેલવાસ, દમણ અને મુંબઈ તેમજ લંડન, પોર્ટુગીઝ વગેરે જગ્યાએ ગયેલા મારૂ કુંભાર સમાજના ડાંગોદરા, નંદવાણા, કિડેચા, નાંડોળા, ભીલવાળા, માળવી, ચાંદોરા, ટાંક, કોટવાળ, ટાંચક અને ગોલા (ગોહિલ) અટક ધરાવતા મારૂ કુંભાર સમાજ ના લોકો ની ખૂબ મોટા પ્રમાણમાં વસ્તી જોવા મળે છે. આ પરિવારનાં લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી, ખેતમજૂરી અને પશુપાલન તેમજ સુથારી, કડિયા કામ કરી પોતાનું ગુજરાન ચલાવે છે. આ સમાજમાંથી તાજેતરમાં GETCO માં વાવરડા ગામમાંથી ડાંગોદરા પરિવાર નાં બે યુવાનો અને વડોદરા મહાનગર પાલિકામાં કંસારી નાં ટાંક પરિવાર માંથી એક યુવાનની પસંદગી થતાં સમગ્ર સમાજમાં આનંદ ની લાગણી પ્રસરી ગઈ છે. આ યુવાનોનું મારૂ કુંભાર સમાજના પ્રમુખ રામજીભાઈ વાપી, ટ્રસ્ટના પ્રમુખ મણીભાઈ નંદવાણાં, સમુહ લગ્ન સમિતિના પ્રમુખ રસિકલાલ ટાંચક અને સમાજના પૂર્વ પ્રમુખ અને જીલ્લા ભાજપા ઉપાધ્યક્ષ પ્રકાશ ટાંક દ્વારા શુભકામના પાઠવી સમસ્ત સમાજના આગેવાનો અને યુવાનો દ્વારા બહુમાન કરી શુભકામના આપવામાં આવી હતી તેમ મારૂ કુંભાર સમાજના યુવા પ્રમુખ અશોક કીડેચાની યાદી જણાવે છે.

# નોબલ યુનીવર્સિટી દ્વારા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ માટે મિલન સમારોહ યોજાયો




જૂનાગઢ, તા.૨૪

નોબલ યુનિવર્સિટી દ્વારા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ માટે ગત તા.૧૭ ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ નોબલ યુનિવર્સિટી દ્વારા **Alumni Meet** 'નોબલ મિલન ૨૦૨૪' નું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં વર્ષ ૨૦૦૭ થી લઈને ૨૦૨૩ સુધીમાં ગુજરાત અને ગુજરાત બહારના વિવિધ જીલ્લાઓમાંથી નોબલ ગ્રુપ ઓફ ઈન્સ્ટિટ્યુશન્સમાં અભ્યાસ કરી ચુકેલા તમામ કોર્સિગ અને કોલેજીસના વિદ્યાર્થીઓ આ મિટમાં જોડાયેલા હતા. કાર્યક્રમની શરૂઆત તમામ વિદ્યાર્થીઓ અને મહેમાનોને ઢોલ, શરણાઈ, તિલક વિધિ અને પુષ્પવર્ષા જેવી પરંપરાગત રીતે સ્વાગત કરીને કરવામાં આવી હતી. ત્યારબાદ દીપ પ્રાગટ્ય સાથે જ નોબલ યુનિવર્સિટીની મેનેજમેન્ટ ટીમ દ્વારા તમામ વિદ્યાર્થીઓ અને મહેમાનોને આવકારવામાં આવ્ય હતા. આ સાથે જ સાંસ્કૃતિક કાર્યક્રમ અને ડાયરા સાથે કાર્યક્રમને આગળ વધારવામાં આવેલ હતો. જેમાં વિદ્યાર્થીઓએ પોતાના કોલેજ કાળના ખાટા મીઠા અનુભવો અને સંસ્મરણો વ્યકત કરીને વાતાવરણને જીવંત બનાવ્યું હતું. વિદ્યાર્થીઓ પોતાનો અભ્યાસ પૂર્ણ કર્યાબાદ પણ પોતાની કોલેજ સાથે જોડાયેલા રહે કોલેજમાં ચાલતી પ્રવૃતિઓથી માહિતગાર રહે અને તમામ વિદ્યાર્થીઓનું એક એસોસિએશન અને નેટવર્કિંગ બને, જે સમાજ અને શૈક્ષણિક સંસ્થાઓના વિકાસમાં મદદરૂપ થાય એ હેતુથી **Alumni Meet** ના આયોજન બદલ નોબલ યુનિવર્સિટી **Alumni Association** ના હેડ તેમજ ફેકલ્ટી ઓફ ફાર્મસીના ડીન ડો. સંતોષ કીર્તન અને તેમની ટીમના સરાહનીય પ્રયત્નોને નોબલ યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ નિલેશભાઈ ધુલેશિયા, મેનજીંગ ટ્રસ્ટી વી.પી.ત્રીવેદી, કો મેનેજીંગ ટ્રસ્ટી કે.ડી.પંડ્યા, અસોસિએટ પ્રેસિડેન્ટ પાર્થ ધુલેશિયા, અસોસિએટ વાઈસ પ્રેસિડેન્ટ પાર્થ કોટેચા, અસોસિએટ મેનજીંગ ટ્રસ્ટી ડો. મનીષ ત્રિવેદી, અસોસિએટ કો મેનેજીંગ ટ્રસ્ટી સિદ્ધાર્થ પંડ્યા અને પ્રોવોસ્ટ ડો. એચ.એન. ખેર દ્વારા બિરદાવવામાં આવ્યા હતા.

### વડાપ્રધાનનાં આગમન પૂર્વે યાત્રાધામની અનેરી આભા

# દ્વારકામાં પ્રવેશદ્વારો, રસ્તાઓ ઝળહળી ઉઠયા : સાઉન્ડ એન્ડ લાઈટ શો ની જમાવટ

(રાકેશ સામાણી દ્વારા) દ્વારકા તા. ૨૪



વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૫ ફેબ્રુઆરીએ ઓખા અને બેટ દ્વારકા વચ્ચે સમુદ્રમાં નિર્માણ થયેલ સુદર્શન બ્રીજનું લોકાપર્ણ કરવાનાં છે ત્યારે તેઓ દ્વારકા જગતમંદિરે પણ દર્શનાર્થે આવનાર હોય જગત મંદિરની સાથે જ સમગ્ર દ્વારકા નગરી રૌશનીથી ઝળહળી ઉઠી છે. વહીવટી તંત્ર દ્વારા સરકરી કચેરીઓને શણગારવામાં આવી છે. ઉપરાંત ઈસ્કોન ગેઈટ, રબારી ગેઈટ વગેરે પ્રવેશદ્વારો પણ ઝગમગી થયા છે. રાત પડતા દ્વારકામાં બીજી સવાર પડી હોય એવો માહોલ જોવા મળે છે. ગોમતી ઘાટ અને સુદામા સેતુ સહિતનાં સ્થળોએ લાઈટ એન્ડ સાઉન્ડ શો એ યાત્રિકો ઉપરાંત સ્થાનિકોને પણ મંત્રમુગ્ધ કરી દિધા હતા. દ્વારકામાં કાયમી ધોરણે લાઈટ એન્ડ સાઉન્ડ શો કરવામાં આવે એવી માંગ પણ ઉઠી છે. રસ્તા પરનાં વૃક્ષોમાં પણ લાઈટીંગ કરવામાં આવતા વિદેશોમાં ક્રિસમસ પર્વ જેવો માહોલ હોય એવું વાતાવરણ દ્વારકામાં વડાપ્રધાનનાં આગમન પહેલા જોવા મળી રહ્યું છે. વડાપ્રધાન સાન્ટા રૂપે દ્વારકા માટે વિકાસ કાર્યોની ભેટ પણ લઈ આવશે એવી અપેક્ષાએ પણ દ્વારકાવાસીઓનાં ઉત્સાહમાં વધારો કર્યો છે. ચારે તરફ રોશની અને ઝળહળાટથી દ્વારકાએ અભૂતપૂર્વ આભા ધારણ કરી છે.


# જૂનાગઢમાં ટ્રાફીક વાળા રસ્તા ઉપર બમ્પ બનાવવા કામગીરી હાથ ધરાઈ




જૂનાગઢ, તા.૨૪

જૂનાગઢ શહેરમાં રસ્તા ઉપરના થતા ગંભીર અકસ્માત અને નિર્દોષ લોકોના મૃત્યુના થતા બનાવો અટકે તે માટે જૂનાગઢના મધુરમ સહિતના ટ્રાફીક વાળા માર્ગો ઉપર બમ્પ બનાવવાની અત્યંત જરૂરીયાત હોય અને જો બમ્પ બનાવી દેવામાં આવશે તો અકસ્માતના બનાવોમાં ઘટાડો થશે તેમજ વૃધ્ધો, બાળકો અને મહિલાઓને રોડ ક્રોસ કરવામાં જે તકલીફો થતી તે પણ દુર થશે તેવી રજુઆત સાથેનો એક પત્ર અરજી જૂનાગઢના સિનીયર સીટીઝન અને બીએસએનએલ વિજીલન્સ વિભાગના નિવૃત કર્મચારી વસંતરાય એન. વ્યાસ દ્વારા જૂનાગઢ ટ્રાફીક શાખાને મોકલવામાં આવી હતી અને આ અરજીના અનુસંધાને જૂનાગઢ ટ્રાફીક શાખાના પીએસઆઈ જાડેજા દ્વારા મહાનગરપાલિકાને રસ્તા ઉપર બમ્પ બનાવવા બાબતે પત્ર વ્યવહાર કરવામાં આવ્યો હતો અને જેના પરીણામે કોર્પોરેશન દ્વારા બમ્પ બનાવવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે ત્યારે આ તકે બીએસએનએલના નિવૃત કર્મચારી અને સિનીયર સીટીઝન એવા વસંતરાય વ્યાસે જૂનાગઢ ટ્રાફીક શાખા તેમજ ધારાસભ્ય સંજયભાઈ કોરડીયાનો પણ આભાર માનેલ છે કારણ કે, તેઓના પ્રયાસો થકી રસ્તામાં બમ્પ બનાવવાની કામગીરી હાલ શરૂ થઈ છે.

## ભારતીય જનતા પાર્ટી જૂનાગઢ મહાનગર મિડિયા વિભાગનાં જીતેન્દ્ર ઠકરારનો આજે જન્મદિવસ



જૂનાગઢ, તા.૨૪

ભારતીય જનતા પાર્ટી જૂનાગઢ મહાનગરનાં કર્મષ્ઠ કાર્યકર અને મિડિયા વિભાગ સાથે જોડાયેલા લોહાણા જ્ઞાતિનાં આગેવાન અનેક સેવાકીય સંસ્થાઓ સાથે જોડાયેલા જીતેન્દ્ર ઠકરારનો આજરોજ જન્મદિવસ હોય તેમને ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તા, પદાધીકારીઓ, વિવિધ ક્ષેત્રનાં અગ્રણીઓ, સ્નેહી-મિત્રો અને શુભેચ્છકો દ્વારા રૂબરૂ તથા તેમના મોબાઈલ ૯૮૨૫૧૭૭૬૬૨ ઉપર શુભકામનાઓ પાઠવવામા આવી છે.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

તંત્રી લેખ

# પ્રજાતંત્ર, લોકશાહીનાં મુળ ભારતમાં છે

ભારતમાં લોકશાહીનો લાંબો ઈતિહાસ છે, લોકશાહી અને લોકશાહીના સિદ્ધાંતો ભારતીય ઉપખંડ માટે નવા નથી. ભારતીય પરિપ્રેક્ષ્યમાં લોકશાહીને જોતા એમાં ધર્મ (કર્તવ્ય) ની વિભાવના ખુબ જ મહત્વપૂર્ણ ગણવામાં આવી છે જેમાં રાજા માટે રાજધર્મ અને પ્રજા માટે પ્રજાધર્મ નિશ્ચિત કરવામાં આવેલા જોઇ શકાય છે અર્થાત્ રાજા અને પ્રજા બંનેના કર્તવ્યો સ્પષ્ટરૂપે ચિન્હિત કરવામાં આવી છે. ભારતીય સંસ્કૃતિના પાયા એટલે ચાર વેદ ઋગ્વેદ, અથર્વવેદ, સામવેદ અને યજુર્વેદ. ભારતીય વૈદિકોએ એમાં રાજકીય, સામાજિક અને શૈક્ષણિક સિદ્ધાંતો સહિત વ્યાપક સભ્યતાના મૂલ્યને સમાવી લીધા છે. વિશ્વની સૌથી જૂની કૃતિઓ એવા ઋગ્વેદ અને અથર્વવેદમાં સભા, સમિતિ અને સંસદ જેવી પ્રતિનિધિ સંસ્થાઓનો ઉલ્લેખ છે જે આજે પણ એ શબ્દો એ જ અર્થમાં ઉપયોગમાં લેવાય છે. મહાન વ્યાકરણ શાસ્ત્રી પાણિની દ્વારા રચિત 'અષ્ટાધ્યાયી' જેવા ગ્રંથો ગણ, પુગ, નિગમ, જનપદ જેવી 'લોકશાહી' સંસ્થાઓને ઉજાગર કરે છે. લોકશાહી-આધ્યાત્મિક-સામાજિક નૈતિકતા: વિશ્વના સૌથી પ્રાચીન ભારતીય ગ્રંથ, ઋગ્વેદમાં ઉલ્લેખ છે કે: "એકમ્ સદ વિપ્રા બહુધા વદન્તિ'' - સત્ય એક છે, ઋષિઓ તેને જુદા જુદા નામોથી કહ્યું છે. ભારત તેના વૈવિધ્યસભર સાંસ્કૃતિક વારસા દ્વારા મૂળભૂત મૂલ્યોનું સંવર્ધન કરીને લોકશાહીની જનની તરીકે મહત્વપૂર્ણ ભૂમિકા સ્થાપિત કરી છે. મહાભારત અને રામાયણ જેવા મહાકાવ્યોથી પ્રભાવિત દેશનો સમૃદ્ધ ઈતિહાસ લોકશાહી સિદ્ધાંતો અને કાયમી નૈતિક મૂલ્યોના વિકાસનું સંરક્ષણ અને સંવર્ધન કરતો આવ્યો છે. રામાયણમાં લોકોના કલ્યાણ માટે ન્યાયસંગત શાસનનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. મહાભારત, ધર્મને વ્યાખ્યાયિત કરતી વખતે નૈતિકતા અને શાસનને મહત્વ આપે છે, યુદ્ધના મેદાનમાં યુધિષ્ઠિર અને ભીષ્મનો સંવાદ આજે પણ શાસકના કર્તવ્યને સુસ્પષ્ટ રીતે પ્રતિબિંબિત કરે છે. શ્રીમદ ભગવદ ગીતા કર્તવ્યોના પાલન માટે સામાન્ય નાગરિકની સાથે શાસકને શાશ્વત માર્ગદર્શન પ્રદાન કરે છે. વર્તમાન એટલે કે આધુનિક લોકશાહીની વ્યાખ્યા કરતા કહેવાય છે કે સમાનતા એ લોકશાહીનો આત્મા છે. ભારતીય શાસ્ત્રોનો અભ્યાસ કરતા એ જણાય છે કે આજે જે ભાવનાને લોકશાહીનો આત્મા કહે છે તેને ભારતભરના તત્વચિંતકો, સંતો અને કવિઓએ અનેક વર્ષો પૂર્વે ઓળખી લીધો હતો અને સદીઓથી તેના મહત્વનો પ્રચાર પણ કર્યો. લોકોનું, લોકો દ્વારા અને લોકો થકી ચાલતુ સામૂહિક શાસન એ પ્રાચીન ભારતીય પ્રણાલીઓમાં એક મુખ્ય લક્ષણ છે જેનું જીવંત ઉદાહરણ મહાજનપદ પ્રશાસન મોડેલમાં પ્રગટ થાય છે જેમાં: એક પરિષદ સાથે ૧૫ મંત્રી અને ૧૦ ગણરાજ્ય જેમાં પ્રમુખ ચુંટાતા હતા. ઈ.સ. પૂર્વે ૫મી સદીમાં ગૌતમ બુદ્ધે સ્થપાયેલા બૌદ્ધ સંઘમાં લોકશાહી પ્રથાઓનું પ્રચલન દેખાય છે. બૌદ્ધ સિદ્ધાંતોએ લોકશાહી પરંપરાઓને સમર્થન આપ્યું એટલું જ નહીં નેતાઓ માટે જાહેર ચર્ચા અને ચૂંટણીઓને પણ પ્રોત્સાહન આપ્યું હોવાનું ઈતિહાસબદ્ધ છે. એક મોટા હોલમાં લોકો ભેગા મળીને એક રાજાને ચુંટતા હતા જેને 'વાશેષ્ઠ' કહેવામાં આવતા હતા, જે લોકોના રક્ષણ માટે 'વાશેષ્ઠ' તરીકે શાસન કરતા હતા. પ્રારંભમાં મહાસમ્મત્તાને ચૂંટીને સહભાગીતા શાસન અપનાવ્યું હતું. બૌદ્ધ ધર્મના લોકશાહી સિદ્ધાંતોએ અનેક શાસકોને પ્રભાવિત કર્યા અને અનેક રાજ્યોએ લોકશાહી મૂલ્યોને અપનાવ્યા પણ ખરા. આજે મળી આવતા બૌદ્ધ કાલિન શિલાલેખોમાં સમૃદ્ધિ અને પતન અટકાવવા માટે નિયમિત ચૂંટણી કરવાનો આગ્રહ રાખવામાં આવ્યો હોવાનું દેખાય છે. બૌદ્ધ સિદ્ધાંતોએ ભારતમાં લોકશાહીના મૂલ્યોનો વ્યાપ ભારત બહાર પણ વધારવાનું ચાલુ રાખ્યું હતું. લોકશાહી શાસન પદ્ધતિને વિશ્વ સમક્ષ રજૂ કરવાનું સાતત્ય બૌદ્ધ પરંપરાએ જાળવી રાખ્યું. ઈસવીસન પૂર્વે ત્રીજી શતાબ્દીમાં થયેલા અર્થશાસ્ત્રના પિતા ગણાતા ચંદ્રગુપ્ત મૌર્યના સલાહકાર ચાણક્ય કૌટિલ્યએ પોતાના શાસન ગ્રંથ "અર્થશાસ્ત્ર"માં ભારપૂર્વક દર્શાવ્યું છે કે, લોકશાહી નાગરિકોને પ્રાધાન્ય આપે છે. ચાણક્ય ભારપૂર્વક જણાવે છે કે શાસકનું સુખ અને કલ્યાણ રાજ્યના લોકોની સુખાકારી પર આધાર રાખે છે, જે શાસન નહીં પરંતુ સેવા કરવાના ભારતના લોકશાહી સિદ્ધાંતનું પ્રતિપાદન છે. પ્રાચીન ગ્રીક ઈતિહાસકાર મેગસ્થનિસ અને ડાયોડોરસના ભારત પ્રવાસની નોંધોમાં લખાણ છે કે ભારતમાં કોઈને ગુલામ ન બનાવવા અને સૌને સમાન સ્વતંત્રતા સુનિશ્ચિત કરતી એક પ્રશંસનીય પ્રથા છે. તેમના લખાણોમાં ભારતના અનેક રાજ્યોમાં લોકશાહી શાસન પ્રણાલીનો ઉલ્લેખ જોવા મળે છે. ચીની પ્રવાસી ફાહિયાને ભારતીય લોકોએ તેને આપેલા સન્માન, કાયદાના શાસન અને સાર્વજનિક કલ્યાણના પ્રશાસનિક વિચારનું અવલોકન કર્યું છે. હિંદવી સામ્રાજ્યના સ્થાપક છત્રપતિ શિવાજી મહારાજે લોકશાહી શાસનની હિમાયત કરી હતી. તેમના શાસનમાં સમાન અધિકારો સુનિશ્ચિત કરીને અષ્ટ-પ્રધાન માટેની કર્તવ્યોની રૂપરેખા આપવામાં આવી હતી. છત્રપતિ શિવાજી મહારાજનો લોકશાહી વારસો તેમના અનુગામીઓ દ્વારા ચાલુ રહ્યો. ભારતીય બંધારણના આમુખના સ્વતંત્રતા, સમાનતા અને બંધુતાવિચાર ફ્રાંસની ક્રાંતિમાંથી લેવામાં આવ્યો હોવાનું ઘણા કહેતા હોય છે જેને ભારતીય બંધારણના શિલ્પી ગણાતા ડૉ. બાબાસાહેબ ભીમરાવ આંબેડકરે ૩જી ઑક્ટોબર ૧૯૫૩ના દિવસે પોતાના સામાજિક દર્શનને ત્રણ શબ્દોમાં વ્યક્ત કરતા સ્પષ્ટપણે નકારી દઈને તે વિચાર ભારતીય હોવાનું પ્રતિપાદિત કરતા કહ્યું હતું કે, સકારાત્મક રૂપે મારું સામાજીક દર્શન ત્રણ શબ્દોમાં નિહિત છે, સ્વતંત્રતા, સમાનતા અને બંધુતા પરંતુ કોઈ એ ન કહે કે મેં મારું દર્શન ફ્રાંસની ક્રાંતિમાંથી લીધું છે, મારા દર્શનના મૂળ રાજનીતિ શાસ્ત્રમાં નથી ધર્મમાં છે. મેં તે મારા ગુરૂ બુદ્ધના ઉપદેશમાંથી પ્રાપ્ત કર્યા છે. તેમના દર્શનમાં સ્વતંત્રતા અને સમાનતાને સ્થાન છે પરંતુ તેમણે કહ્યું છે કે અસીમિત સ્વતંત્રતા સમાનતાને નષ્ટ કરી દે છે અને સંપૂર્ણ સમાનતામાં સ્વતંત્રતા માટે કોઈ જગ્યા નથી. તેમના દર્શનમાં કાયદાનું સ્થાન માત્ર સ્વતંત્રતા અને સમાનતાના રક્ષા કવચના રૂપમાં છે, પરંતુ તેઓ એ નહોતા માનતા કે કાયદો સ્વતંત્રતા અને સમાનતાના ઉલ્લંઘનની ગેરંટી હોઈ શકે તેમણે સ્વતંત્રતા કે સમાનતા કે બંધુતાના ઈન્કારની વિરુદ્ધ વાસ્તવિક સુરક્ષાના એકમાત્ર બંધુતાને સર્વોચ્ચ સ્થાન આપ્યું છે."

# સૌરાષ્ટ્ર કચ્છના દરિયા કિનારા પર ડ્રગ્સની હેરાફેરી કેમ વધી ગઈ છે ?

(સુરેશચંદ્ર એમ. ધોકાઈ દ્વારા) દ્વારકા તા.૨૪

ગઈકાલે વેરાવળ પોલીસ અને નાર્કોટિક કંટ્રોલ બ્યુરો દ્વારા ખુદ બોટ માલિક દ્વારા આપવામાં આવેલ માહિતી બાદ પોલીસ દ્વારા વેરાવળનાં મચ્છીમારી બંદર ઉપરથી એક બોટમાંથી આશરે રૂપિયા ૩૫૦ કરોડની કીમતનો ૫૦ કિલો હેરોઈનનો જથ્થો અને તેમાં રહેલા નવ ખલાશીઓ પૈકીનાં મુખ્ય ત્રણ શકમંદોને પકડી પાડી તેની ડીલવરી લેવા આવેલા ડ્રગ્સ પેડલરોને પણ પકડી પાડવામાં આવ્યા છે. ત્યારે આ ઘટનામાં સૌ પ્રથમ પકડાયેલ ભારતીય ડ્રગ્સ પેડલરોઅને બોટ ભારતીય છે પરંતુ તેમાંથી પકડાયેલ હેરોઈનનો જથ્થો વિદેશી અને દેશમાં દરિયાઈ માર્ગે વિદેશી આંતરારાષ્ટ્રીય ડ્રગ્સ સીન્ડીકેટ દ્વારા મોકલવામાં આવ્યાનું જાણકાર સુત્રો જણાવે છે.

વેરાવળ બંદરેથી પકડવામાં આવેલ ડ્રગ્સનો જથ્થો પકડનાર ધન્યવાદને પાત્ર છે પરંતુ આ જથ્થો મધ્ય સમુદ્રમાં હેરાફેરી દરમ્યાન પકડાવાનાં બદલે તંત્ર દ્વારા જાહેર કરવામાં આવ્યા મુજબ તે બોટ ૨૫ દિવસ પહેલા આ બોટનાં ટંડેલ લઈને નીકળેલ અને તેની પાસેથી સેટેલાઈટ ફોન અને આ ડ્રગ્સનો જથ્થો આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ સીન્ડીકેટ દ્વારા આપવામાં આવ્યાનું અને તેના માલિકે ખુદે માહિતગાર બની આ જથ્થો પકડાવવાની હિમત કરેલ છે તે પણ ધન્યવાદ અને સન્માનને પાત્ર છે. હકિકકમાં કોઈપણ પ્રકારનાં રાહ રસ્તાનાં કે સમુદ્રી રસ્તાનાં વાહનોનું સંચાલન માલિકની ગેરહાજરીમાં અને અન્યનાં ભરોસે ચાલતું હોય ત્યારે સ્વાભાવિક છે કે જેના કબ્જામાં હોય તેના દ્વારા તેનો દુર ઉપયોગ કરવામાં આવતો જ હોય છે પરંતુ માલિકની અને તંત્રની અજાણતાનાં કારણે આ પ્રકારણી માનસિકતા ધરાવતા ગુન્હેગારો પોતાના ઓપરેશન સફલાતા પૂર્વક પાર પાડતા હોય છે અને ક્યારેક તે અંગે તંત્રને માહિતી મળતા માલિકને અંધારામાં રાખી અને તંત્ર દ્વારા સફળ ઓપરેશન પાર પાડવામાં આવે છે ત્યારે અહીં આ બન્ને સાથે મળી પ્રશન્શીય કાર્યવાહી કરી આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ સીન્ડીકેટનાં સ્થાનિક પેડલરો સુધી તંત્રને પહોંચવાનો માર્ગ શોધી આપેલ છે.

અહીં આ ઘટનામાં મહત્વની કડી કોઈ તંત્રનાં હાથ લાગેલ હોય તો તે ડ્રગ્સ માફિયાની આંતરરાષ્ટ્રીય સીન્ડીકેટનાં સ્થાનિક સ્લીપર સેલનાં ડ્રગ્સ પેન્ડ્લરોને તેની ડીલવરી લેવા માટે પોતાના ગામ-રાજ્યમાંથી વેરાવળ સુધી પહોંચ્યા ત્યાં સુધી તંત્રને મળેલ માહિતીની ગુપ્તતા જાળવી ઓપરેશન સફળ પાર પાડનાર સર્વે પોલીસ અધિકારીઓ ધન્યાવાદને પાત્ર છે. અહીં પણ આશ્ચર્યજનક હકીકત તે બનવા તે પામેલ છે કે બોટમાંથી આજદિવસ સુધી ગુન્હેગારોનાં મૂળ સુધી પહોંચવાના એક પણ પુરાવા તપાસનીશ એજેન્સી મેળવવવામાં સફળ રહેતી નથી તેના બદલે અહીં આંતરરાષ્ટ્રીય ગુન્હેગારોની જન્મ કુંડળી તંત્રનાં હાથ લાગેલ હોય તેમ સ્થાનિક ગુન્હેગારો સાથે તેની ડીલવરી લેવા આવેલા પેન્ડ્લરો અને બોટનાં ટંડેલ ખાલાશીઓ પકડી પાડી સમગ્ર નેટવર્કમાં સામેલ આંતરરાષ્ટ્રીય ગુન્હેગારો અને તેમના મદદગારી ભારતીય ગુન્હેગારોની વિગતો બહાર લાવવામાં તંત્રને ઉપયોગી માહિતી પૂરી પાડવામાં ઉપયોગી બની રહેશે.

શું રાજ્યનાં મચ્છીમારી બંદરો ઓખા-મુન્દ્રા-પોરબંદર ઉપરથી અગાઉ ડ્રગ્સની હેરાફેરીના ગુન્હેગારો પકડાયા છે તેમાં પણ અહીંનાં સ્થાનિક બંદરો ઉપરનાં રહીશોમાં ફક્ત ૨૫% જેટલા મચ્છીમારી બોટો ધરાવે છે પરંતુ તેને સંગ્લન અન્ય વ્યવસાયમાં સ્થાનિકો જોડાયેલા હોય તે સ્થાનિક બંદરોની જીવાદોરી સમાનનાં ગણાય છે અને તેકારણે આ બંદરો ઉપર થતી દેશદ્રોહી પ્રવૃત્તિ કે અસામાજિક પ્રવૃત્તિ પ્રત્યે સ્થાનિક વ્યવસાય કરનારા અંખ આડા કાન કરે છે અને તેનો લાભ લેવા માટે અહીં આંતરરાષ્ટ્રીય માફિયાઓ સક્રિય હોય છે અને તેમને સ્થાનિક માચ્છીમારો સ્લીપર સેલ મેમ્બર સ્વરૂપે મળી જ રહે છે અને તેમના દ્વારા કચ્છનાં અખાત-ઈરાન સુધીનાં સમુદ્રમાં માછલી મારવા જવાના બહાને આંતરરાષ્ટ્રીય જળ સરહદીય વિસ્તારો અંગેનાં કોઈ સરહદીય માર્કિંગનાં હોવાના બહાના હેઠળ અન્ય દેશોનાં જળ સરહદીય વિસ્તારમાં નિયમિત અવર-જવર કરે છે અને અંતરરાષ્ટ્રીય ગુન્હાઓમાં જોડાય છે અને તેનો લાભ આંતરરાષ્ટ્રીય માફિયાઓ પોતાના દેશ કે વિદેશનાં દેશોમાં બેઠા બેઠા દાણચોરી-હથીયારો-ડ્રગ્સની હેરાફેરીમાં કરી રહ્યાનું ખુદ સરકારી રેકર્ડ ઉપર નોંધાયેલ છે જ અને તે કારણે તેમનાં ઓપરેશનો સફળ થાય છે અને સ્થાનિકો બદનામ થાય છે.

વેરાવળ ખાતે પકડાયેલ બોટની વિગતો જે હોય તે સમયે બહાર આવશે પરંતુ એક વાત સ્પષ્ટ સાબિત થાય છે કે હવે દેશનાં દુશ્મનો તેવા આંતરરાષ્ટ્રીય ગુન્હેગારો શરૂઆતમાં પોતાના દેશ અને આપણા દેશમાં વિદેશની ધરતી ઉપરથી દેશદ્રોહી પ્રવૃતિઓ કરતા હતા તે આગળ વધતા વધતા આંતરરાષ્ટ્રીયજળસીમામાં અને ત્યાંથી સી.આર.ઝેડ.નાં નિયમો હેઠળની આપણી સીમા અને કિનારા સુધી પહોંચી ગયા છે તે આ ઘટના સાબિત કરે છે.

રાજ્યનાં મચ્છીમારી બંદરોમાં આવતી જતી બોટો-બોટોમાંથી ઉતારવા-ચડાવવામાં આવતા માલસામાન-ત્યાં વ્યવસાય કરતા વ્યક્તિઓનાં ફિશિંગ લાયસન્સ આપવા જેવા કામો આ બંદરો દુર આવેલ મત્સ્યોદ્યોગ-બંદર-પોલીસની કચેરીઓમાં ટેબલ ઉપર બેઠા બેઠા થાય છે જે પણ સનાતન સત્ય અને છેલ્લા ૪૦ વર્ષથી ચાલતી આ હકીકતોનું સત્ય છે ત્યારે હવે આ બંદરો ઉપરની જમીન સરકારી-બંદર ખાતાની-ત્યાં રોડ-રસ્તા-પાણી-વીજળી જેવી પ્રાથમિક સુવિધાઓ જો આ બિન અધિકૃત વ્યવસાય કરનારાઓને મળી રહે છે તો પછી સરકારી તંત્રને ત્યાં પોત-પોતાની કચેરી ખોલી આબંદરના વ્યવસાયને મોનીટરીંગ-ટ્રેકિંગ કરવા જેવી કચેરી ખોલવી કેમ જરૂરી જણાતી નથી તેવો પ્રશ્ન પણ ઉપસ્થિત થાય છે.

આ ઘટનામાં સૌ પ્રથમ સ્થાનિક ડ્રગ્સ પેડલરો તંત્રનાં હાથમાં આધાર પુરાવા સાથે મળ્યા છે અને તેનું કનેકશન યુ.પી.નાં ડ્રગ્સ પેડલરો તરફ ઈશારો કરતો હોય તેવી માહિતી બહાર આવેલ છે ત્યારે સૌરાષ્ટ્રનાં દરેક મચ્છીમારી બંદરો ઉપર યુ.પી.નાં માછીમારો અને વ્યાપારીઓ કે જે માછલીઓને સુકાવી તેમને દેશનાં અન્ય રાજ્યો આસામ-બંગાળ-મેઘાલય-મણીપુર-ભૂતાન સુધી થર્મોકોલ બોક્ષ-દુર્ગંધ મારતી બેગ્સ દ્વારા રેલ રસ્તે-રાહ રસ્તે દરરોજ મોટી સંખ્યામાં ટ્રક-ટ્રેન દ્વારા સૌરાષ્ટ્રનાં ઓખા-પોરબંદર-વેરાવળથી આંતરરાજ્ય હેરફેર માટે જાય છે. ત્યારે તેમાં આ ડ્રગ્સ-હથીયારોનો બહુ કીમતી પણ મામુલી જેવો નાનો જણાતો જથ્થો હેરફેર કરવો બહુ સહેલાઈ ભર્યો હોય તેનો લાભ આંતરરાષ્ટ્રીય માફિયાઓ અને સીન્ડીકેટ દ્વારા લેવાનું ચાલુ થયાનું આ ઘટનાથી નકારી શકાતું નથી. ત્યારે હવે આ આંતરરાષ્ટ્રીય ડ્રગ્સનાં વ્યવસાયનાં નેટવર્કનું મોટું રેકેટ બહાર આવનાર હોવાનું નકારી શકાતું નથી.

# ધુનડાના સતપુરણધામ આશ્રમે રાત્રે પુનમ નિમીતે પુ.જેન્તીરામ બાપાનો સત્સંગ




(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૨૪

જામજોધપુર તાલુકાના ધુનડા ગામે આવેલ સતપુરણધામ આશ્રમ ખાતે આજે રાત્રે ૯ કલાકે પુનમ નિમીતે પુ.જેન્તીરામબાપાનો સત્સંગ યોજાનાર છે. જેમાં પુ. બાપા આજના તનાવ યુકત જીવનમાં સતત આનંદા અને પ્રસન્ન જીવન કેમ જીવાય નિરાકાર સ્વરૂપથી સાકાર સ્વરૂપની યાત્રા કેમ થાય ધ્યાન સમાધી સહિત ગહન યોગનું અનુલીવગત માર્ગદર્શન આપશે અને આ ભવસાગર પાર કરવા જીવનમાં ગુરૂકૃપા જરૂરી હોય તે કેમ પ્રાપ્ત થાય તે અંગે ભજન સત્સંગ દ્વારા સમજાવશે. આ પ્રસંગે દેશ વિદેશથી ભાવિકો ઉપસ્થિત રહેશે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

આ જગતમાં બહુ સરળ થવા જઈએ તો જગતમાં લોકો દુર્બળ માન છે. - પ.પૂ. શ્રી રામચંદ્ર ડોંગરેજી મહારાજ

## : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૫, પા.મેહેર-૧૩૯૩, મુ. શાબાન-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, મહા સુદ-૧૫ માઘી પૂર્ણિમા, માઘ સ્નાન સમાપ્ત, ગુરૂ શ્રી રવિદાસ જયંતિ તા.૨૪ ફેબ્રુઆરી ૨૦૨૪, શનિવાર, પારસી તા.૧૩, મુસ્લિમ તા.૧૩, મઘા નક્ષત્ર, અતિગંડ યોગ, બાલવ કરણ, સૂ.ઉ.૭:૧૯, સૂ.અ.૬:૫૧

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી સિંહ (મ ટ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: પ્્રિયજનનો વિરહ વેઠવો પડે. અટકી-અટકીને કાર્ય સફળ થાય.
વૃષભ:માનસિક પ્રસન્નતાનો અનુભવ થાય. પ્રવાસમાં સફળતા મળે.
મિથુન:બગડેલા કાર્યો સુધરે. સંતાનથી લાભ થાય.
કર્ક: વિશ્વાસે વહાણ ન ચલાવવું. અપયશના ભોગ બનવું પડે.
સિંહ: પ્રવાસ ટાળવો હિતાવહ. આરોગ્ય બાબતે સંભાળવું.
કન્યા: કર્મચારીઓના પ્રશ્નોથી મનોભાર રહે.
તુલા: કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં અણધારી સફળતા મળે.
વૃશ્ચિક:નવિન સમાચાર મળે. ઉત્સાહ-ઉમંગનો અનુભવ થાય.
ધન: મળેલી તક ઝડપી લેવી. અગત્યના નિર્ણયો લઈ શકાય.
મકર: આવક કરતા જાવકનું પ્રમાણ વિશેષ રહે.
કુંભ: નાણાંભીડ ઓછી થાય. દિવસ આનંદમય પસાર થાય.
મીન: પ્રવાસના યોગ છે. નવિન ઓળખાણ લાભદાયી નીવડે.

# સાંસદના પ્રયાસોથી ખંભાળિયા આસપાસ અંડર બ્રિજનું થશે નિર્માણ



(કુંજન રાડીયા દ્વારા) જામ ખંભાળિયા, તા.૨૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ફાટક મુક્ત ભારતમાં ખંભાળિયા શહેરને પણ ફાટકમુક્ત કરાવતું આયોજન સાંસદ પૂનમબેન માડમ દ્વારા કરવામાં આવ્યું હતું. જેને સફળતા મળી છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લાના મુખ્ય મથક ખંભાળિયામાં છેલ્લા કેટલાક સમયથી રેલવે ફાટકના કારણે લોકોને ઈમરજન્સીના સમયમાં ભારે આ હાલાકીનો સામનો કરવો પડતો હોય, જામનગર - દેવભૂમિ દ્વારકા જિલ્લાના સાંસદ પૂનમબેન માડમ દ્વારા શહેર નજીકના તમામ ફાટકને સ્થાને હવે અંડર બ્રિજ અને ઓવર બ્રિજ બનાવી, લોકોને મુક્તિ અપાવવાના પ્રયાસોને સફળતા મળી છે. ખંભાળિયામાં શહેરમાં આવવા તથા જવા માટે જામનગર, દ્વારકા એને પોરબંદર માર્ગ પર ફાટક આવેલા છે. આ વચ્ચે તાજેતરમાં રૂ. ચાર કરોડના ખર્ચે શહેરમાં જડેશ્વર ટેકરી પાસેથી દ્વારકા બાયપાસ રોડ પર જવા રેલવે તંત્ર દ્વારા અંડર બ્રિજ બનાવવામાં આવ્યો છે. આ પછી સાંસદ પૂનમબેન માડમ તથા અહીંના ધારાસભ્ય મુળુભાઈ બેરાના પ્રયાસોથી જામનગર તરફના રેલવે ફાટક ઉપર રાજ્ય સરકાર દ્વારા રૂપિયા ૩૮ કરોડના ખર્ચે સુવિધાસભર ઓવરબ્રિજ પણ મંજૂર કરવામાં આવેલો છે. જેનું ટેન્ડરિંગ પણ થઈ ચૂક્યું છે.

એટલું જ નહીં, થોડા સમય પૂર્વે અહીંના સલાયા રોડ પર આવેલા રેલ્વે ફાટક પાસે એક આવવાનો તથા એક તરફ જવાનો એમ બે અંડર બ્રિજ મંજુર કરવામાં આવ્યા હતા. જેનું કામ પણ શરૂ થઈ ચૂક્યું છે. આ પછી આગામી તારીખ ૨૬ ફેબ્રુઆરીના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા વર્ચ્યુઅલ રીતે ખાત મુહૂર્ત કરશે. આમ, હવે આગામી થોડા સમયમાં ખંભાળિયા શહેર ફાટક મુક્ત થઈ જશે.

## જામ ખંભાળિયા લોહાણા મહાજનના ટ્રસ્ટી અરૂણભાઈ મજીઠીયાનું નિધન : સોમવારે પ્રાર્થનાસભા



(કુંજન રાડિયા દ્વારા) જામ ખંભાળિયા તા.૨૪

ખંભાળિયાના જાણીતા વેપારી સ્વ. હેમરાજ લક્ષ્મીદાસ મજીઠીયાના પુત્ર અરૂણભાઈ મજીઠીયા(લોહાણા મહાજનના ટ્રસ્ટી)(ઉ.વ.૬૭) તે સ્વ. જેઠાલાલ, ધીરૂભાઈ તથા સુર્યકાંતભાઈના નાનાભાઈ અને મનિષભાઈના મોટાભાઈ તેમજ વિવેક, ઉત્સવ અને પૂજા પાર્થકુમાર પારેખના પિતાશ્રી સ્વ. વનરાવનભાઈ જાદવજીભાઈ મોદીના જમાઈ તા. ૨૩ ના રોજ શ્રીજી ચરણ પામ્યા છે. આજરોજ સવારે તેમની અંતિમ યાત્રામાં મોટી સંખ્યામાં આગેવાનો, કાર્યકરો તેમજ વેપારીઓ જોડાયા હતા અને સદગતને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. તેમની પ્રાર્થનાસભા તથા સ્વસુર પક્ષની સાદડી ભાઈઓ તથા બહેનો માટે સોમવાર તારીખ ૨૬ ના રોજ સાંજે ચારથી પાંચ અત્રે પોરબંદર રોડ ઉપર આવેલા ટાઉન હોલ ખાતે રાખવામાં આવેલ છે.

# વાંકાનેર ખાતે રામ ધામ કાર્યક્રમ ભવ્ય રીતે સંપન્ન થયો



(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૨૪

તારીખ ૧૬થી ૧૯ રામ ધામ કાર્યક્રમ ભવ્ય રીતે સંપન્ન થયો હતો. વાંકાનેર ખાતે યોજાયેલ વિશાળ શોભાયાત્રામાં હજારો રઘુવંશી વિરાંગનાઓ કેસરી વસ્ત્રોથી સુશોભિત થઈ મસ્તક ઉપર કળશ ધારણ કરી રઘુવંશ શિરોમણી શ્રી રામચંદ્રજીના ઓવારણા લીધા ગામોગામથી પધારેલા મહિલા મંડળો, રઘુવંશી શ્રેષ્ઠિઓ, દાતાઓ તથા આગેવાનોએ રંગ રાખ્યો. જૂનાગઢથી વર્ષોથી સેવા ક્ષેત્રે ખ્યાતિ પામેલા ચેતનાબેન મિશ્રાણીની સમગ્ર ટીમ કનકબેન રૂપારેલીયા, દક્ષાબેન રાજ પોપટ, જયશ્રીબેન ગોટેચા, રાધારાણી મહિલા મંડળના ચેતનાબેન તન્ના તથા ભારતીય જનતા પાર્ટીના હોદ્દેદાર શીતલબેન તન્ના વગેરે હાજર રહી ધન્યતા અનુભવી હતી. સોનલબેન વસાણી તથા ભાવનાબેન મીરાણી દરેકનું ઉષ્મા ભર્યું સન્માન કર્યું હતું. ગામોગામથી પધારેલા મહિલા મંડળ તથા આગેવાનોએ રામચંદ્ર ભગવાનના જય ઘોષ સાથે પ્રસાદીનો લાભ લીધો હતો. ભાઈઓ તથા બહેનો માટે ખૂબ જ સુંદર ભોજન વ્યવસ્થા રાખવામાં આવેલ હતી. સમયસર શોભાયાત્રા શરૂ થઈ વાજતે ગાજતે ઝાલીડા મુકામે પહોંચી હતી. ૧૦૮ કુડી હવન, બ્રહ્મચોરાસી કરેલ તથા રામ ધામના સ્વપ્રદ્રષ્ટા જીતુભાઈ સોમાણીને પારણા કરાવવામાં આવેલ હતા. સતત પંદર દિવસથી ગામો ગામ ટેલીફોનિક મીટીંગ તથા આ કાર્યક્રમની જાણકારી આપવા રઘુવંશી મહિલાઓને ચેતનાબેન મિશ્રાણી કાર્યશીલ રહેલાં. આ તકે બધાને મળીને ખૂબ જ આનંદની અનુભૂતિ થઈ હતી.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આગમન પૂર્વે દ્વારકા મહા આરતીના રંગમાં રંગાયું





(રાકેશ સામાણી દ્વારા) દ્વારકા તા.૨૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દ્વારકા આગમન પૂર્વે દ્વારકામાં ગઈકાલે સાંજે ગુજરાત રાજ્ય ગૃહ મંત્રી હર્ષ સંઘવી, કેબિનેટ મંત્રી મુરૂભાઈ બેરા, જામનગર દ્વારકા સાંસદ પૂનમબેન માડમ, દ્વારકા કલ્યાણપુર ધારાસભ્ય પબુભા માણેક સહિતના અનેક રાજકીય આગેવાનોએ શ્રી ગુગુળી બ્રાહ્મણ જ્ઞાતિ દ્વારા થતી માં ગોમતીની આરતીમાં ઉપસ્થિત રહી શાસ્ત્રોક્ત વિધિવિધાનથી આરતી કરી હતી. ભગવાન દ્વારકાધીશજીને શ્રી શીશ ઝુકાવી ઠાકોરજીના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે તારીખ ૨૧ ફેબ્રુઆરીથી શરૂઆત થયેલ મહાઆરતીમાં સ્થાનિક ભક્તો સહિત અનેક પ્રવાસી ભક્તો દર્શનનો લાભ લઈ ધન્યતા પ્રાપ્ત કરી રહ્યા છે. મહાઆરતી બાદ શ્રી ગુગુળી બ્રાહ્મણ જ્ઞાતિ દ્વારા ભક્તોને પ્રસાદ વિતરણની વ્યવસ્થા કરવામાં આવી છે. માં ગોમતીની મહા આરતી કાયમી ધોરણી થતી રહે તેવી લાગણી ભક્તો વ્યકત કરી રહ્યા છે.

# માંડલમાં મોતિયાની સર્જરી બાદ અંધાપો આવવાની ઘટનામાં હોસ્પિટલમાં વહીવટ અને મશીનરીમાં ખામી હોવાનો ઘટસ્ફોટ



અમદાવાદ, તા.૨૪

અમદાવાદ જિલ્લાના માંડલ ખાતે આવેલી રામાનંદ ટ્રસ્ટની હોસ્પિટલમાં મોતિયાંનાં ઓપરેશન બાદ દર્દીઓની આંખમાં ખામી સર્જાતાં ૨૧ દર્દીને સારવાર અર્થે અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે લાવવામાં આવ્યા હતા. જેમાં હાથ ધરાયેલી સુનાવણીમાં સરકારે કોર્ટમાં એફિડેવિટ ફાઈલ કરી છે, જેમાં જણાવવામાં આવ્યું છે કે જ્યાં ઓપરેશન કરાયું એ ખાનગી હોસ્પિટલમાં વહીવટ અને મશીનરીમાં ખામી હતી. તપાસમાં સામે આવ્યું છે કે સંશાધનો અને માણસોની અછતથી માંડલની ઘટના બની છે. એફિડેવિટમાં વધુમાં જણાવ્યું હતું કે આવી ઘટના બનતી અટકાવવા નિયમો જરૂરી છે. ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટ મુજબ ૫૦ કે તેથી વધુ બેડ ધરાવતી હોસ્પિટલે જ રજિસ્ટ્રેશન અને નિયમો બંધનકારી હતા. હવે દરેક હોસ્પિટલને મેડિકલ એસ્ટાબ્લિશમેન્ટના કાયદા અંતર્ગત આવરી લેવાશે. આ કેસમાં હજુ પેશન્ટની સારવાર ચાલુ છે. માંડલ બાદ રાધનપુરમાં પણ આવી ઘટના બની હતી. અરજીની સુનાવણી બાદ હાઈકોર્ટે જણાવ્યું હતું કે ૫૦ બેડથી નીચેની સંખ્યાવાળી પણ મોટી હોસ્પિટલ કહેવાય. મેડિકલ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટ માટેની ગાઈડલાઈન અને નિયમો કોર્ટને જણાવાશે. હોસ્પિટલોનું એક રજિસ્ટર બનાવવામાં આવે છે, જેને જિલ્લા લેવલથી રાજ્ય લેવલ અને રાજ્ય લેવલથી નેશનલ લેવલે મોકલવામાં આવે છે, એ રખાય છે કે કેમ એની તપાસ કરાશે. આર્મી સિવાય તમામ મેડિકલ એસ્ટાબ્લિશમેન્ટના કાયદા અંતર્ગત આવરી લેવાશે. કોર્ટે હેલ્થ વિભાગના પ્રિન્સિપલ સેક્રેટરીને ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટ ઉપર વધુ ડેટા સાથે એફિડેવિટ ફાઈલ કરવા હુકમ કર્યો હતો. ઉલ્લેખનીય છે કે ગુજરાત હાઈકોર્ટે અમદાવાદ જિલ્લાના માંડલનાં ટ્રસ્ટ સંચાલિત હોસ્પિટલમાં મોતિયાની શસ્ત્રક્રિયા કરાવ્યા બાદ દ્રષ્ટિ આંશિક અથવા સંપૂર્ણ ગુમાવવાની ફરિયાદ કરતા ૧૭ વ્યક્તિઓ વિશેના મીડિયા અહેવાલની સુઓમોટો સંજ્ઞાન લીધી હતી અને આ ઘટનાને આંચકાજનક અને ગંભીર ગણાવી હતી. જસ્ટિસ એ.એસ. સુપેહિયા અને વિમલ કે.વ્યાસની ડિવિઝન બેન્ચે રાજયના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના સચિવ અને અમદાવાદ ગ્રામ્યના પોલીસ અધિક્ષકને નોટિસ પાઠવીને ૭ ફેબ્રુઆરી સુધીમાં પ્રાથમિક અહેવાલ દાખલ કરવાનો નિર્દેશ આપ્યો છે. અદાલતે દર્દીઓને વળતર આપવા બાબતે પણ કાર્યવાહી કરવા માટે સૂચન કર્યું હતું. ડિવિઝન બેંચના જસ્ટિસ સુપેહિયાએ જણાવ્યું હતું કે, "અમે ૧૭ જાન્યુઆરીના રોજ પ્રકાશિત થયેલા સમાચાર લેખને સુઓમોટો સંજ્ઞાન લઈએ છીએ કારણ કે તે ગંભીર ચિંતાનો મુદ્દો ઉઠાવે છે જેની સીધી અસર દ્રષ્ટિ ગુમાવી ચૂકેલા વૃદ્ધ દર્દીઓની સુખાકારી ઉપર પડે છે. તે જાણવું પણ જરૂરી છે કે શું શસ્ત્રક્રિયા હાથ ધરતી વખતે યોગ્ય તકેદારી રાખવામાં આવી હતી અથવા કોઈ પણ આંખની શસ્ત્રક્રિયા હાથ ધરતા પહેલા અવલોકન કરવા માટે જરૂરી તબીબી પ્રોટોકોલની સુવિધા અથવા જાળવણીનો અભાવ હતો કે નહીં." કોર્ટે કહ્યું કે સમાચાર અહેવાલ રાજ્ય સત્તાવાળાઓ દ્વારા ભૂલ કરનાર તબીબી કર્મચારીઓ અથવા ઘટના માટે જવાબદાર અન્ય કોઈ સ્ટાફ સામે દાખલ કરવામાં આવેલી કોઈપણ ફોજદારી ફરિયાદનો સંદર્ભ આપતા નથી. કોર્ટે કહ્યું, "આ ઘટનામાં ભૂલ કરનાર વ્યક્તિઓની જવાબદારી નક્કી કરવા અને આખરે તેમની દૃષ્ટિ ગુમાવનાર પીડિતોને યોગ્ય વળતર ચૂકવવા માટે સંપૂર્ણ અને નિષ્ઠા પૂર્વક તપાસની જરૂર છે." તેણે રજિસ્ટ્રીને સમાચાર લેખને સુઓ મોટુ રિટ પિટિશન તરીકે રજિસ્ટર કરવા અને રાજયના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ તેમજ એસપી (અમદાવાદ ગ્રામ્ય)ને નોટિસ આપવાનો નિર્દેશ આપ્યો હતો. ત્યારબાદ ચીફ જસ્ટિસની કોર્ટ દ્વારા ગંભીર અવલોકનો કરવામાં આવ્યા હતા. કેસની વિગતો મુજબ અમદાવાદ જિલ્લાની ટ્રસ્ટ સંચાલિત હોસ્પિટલમાં મોતિયાની શસ્ત્રક્રિયા કરાવ્યા પછી ૧૭ જેટલા વ્યક્તિઓએ દષ્ટિની આંશિક અથવા સંપૂર્ણ ગુમાવવાની ફરિયાદ કરી છે, જેના કારણે અધિકારીઓએ તપાસનો આદેશ આપ્યો છે. ગુજરાત આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગે તપાસ કરવા માટે નવ સભ્યોની નિષ્ણાત સમિતિની રચના કરી છે અને માંડલ ગામની આંખની હોસ્પિટલને આગળના આદેશો સુધી મોતિયાની વધુ શસ્ત્રક્રિયા ન કરવા જણાવ્યું છે. ૧૦ જાન્યુઆરીએ માંડલની રામાનંદ આંખની હોસ્પિટલમાં સર્જરી કરાવનાર પાંચ વ્યક્તિઓને અમદાવાદ સિવિલ હોસ્પિટલના નેત્રરોગ વિભાગમાં સારવાર માટે રિફર કરવામાં આવ્યા બાદ આ બાબત પ્રકાશમાં આવી હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે અસરગ્રસ્ત દર્દીઓની સારવાર કરવા અને તપાસ કરવા માટે અમદાવાદ અને માંડલ સ્થિત હોસ્પિટલોમાં નિષ્ણાંત ડોકટરોને જોડવામાં આવ્યા હતા. માંડલ ખાતેની હોસ્પિટલે આ મહિને લગભગ ૧૦૦ મોતિયાની શસ્ત્રક્રિયાઓ કરી હતી, એક અધિકારીએ અગાઉ જણાવ્યું હતું કે, વિરમગામ શહેરમાં આ તમામ દર્દીઓને તપાસવા માટે એક કેમ્પ ગોઠવવામાં આવ્યો હતો.

### ફ્રાન્સના કેરેબિયન ટાપુ ઉપર ફરવા ગયેલાની એક વર્ષથી કોઈ ભાળ નથી

# નવ ગુમ લોકો બાબતે સરકારમાં રજૂઆત કરવા હાઈકોર્ટનું સૂચન




અમદાવાદ, તા.૨૪

ફ્રાન્સના કેરેબિયન ટાપુ ઉપર ૯ ગુજરાતી ફરવા ગયા અને એક વર્ષ જેવો સમય થયો હોવા છતાં મળ્યા નથી આથી તેમની ભાળ મેળવવા માટે સરકારને આદેશ કરવો જોઈએ તેવી માગણી કરતી જાહેર હિતની અરજીની સુનાવણી ચીફ જસ્ટીસ સુનિતા અગ્રવાલ અને જસ્ટીસ અનિરૂધ્ધ માયીનધ્ બેન્ચ સમક્ષ હાથ ધરવામાં આવી હતી. એમાં હાઈકોર્ટ તરફથી અરજદારોને સૂચન કરવામાં આવ્યું હતું કે, ગુમ થયા નવ લોકો ગેરકાયદેસર રીતે બીજા કોઈ દેશમાં ગયા હોવાથી આ બાબતે વિદેશ મંત્રાલય સમક્ષ રજૂઆત કરવી જોઈએ. તેઓએ કોઈ દેશના કાયદાનો ભંગ કર્યો હોવાથી હાઈકોર્ટ તેમની મુક્તિ માટે આદેશ કરી શકે નહિ. આ બાબતે વધુ સુનાવણી આગામી તા. ૧૫ માર્ચ નાં રોજ રાખવામાં આવી છે. અગાઉ અરજદારના વકીલોએ તરફથી રજૂઆત કરાઈ હતી કે, આ નવ લોકો ડીટેન્શન સેન્ટરમાં રાખાયા હોવાની શક્યતા છે પરંતુ ત્યાંની સરકાર દ્વારા કોઈ માહિતી જાહેર કરવામાં આવતી નથી. જોકે હાઈકોર્ટ દ્વારા અને જણાવવામાં આવ્યું હતું કે આ બાબતે સરકારમાં રજૂઆત કરવી જોઈએ. અરજદારોના જણાવ્યા પ્રમાણે નવ લોકો ફ્રાન્સ હસ્તકના કેરેબિયન ટાપુઓમાં ફરવા ગયા હતા, જ્યાંથી તેઓ ૩ ફેબ્રુઆરી, ૨૦૨૩થી ખોવાઈ ગયા હતા. ત્યાર બાદ તેઓ મળ્યા નથી. તેઓ હોડીમાં કોમનવેલ્થ ડોમિનિકાથી સેન્ટ માર્ટિન ટાપુ ઉપર જતા હતા. તેઓ કેરેબિયન્સ ટાપુઓ હસ્તકના કોઈ ટાપુ પર ફસાયા હોઈ શકે અથવા તેમને ડિટેઈન કરાયા હોઈ શકે. આ મુદ્દે ભારત સરકારના વિદેશ મંત્રાલય અને દેશના ગૃહમંત્રી સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી. ભારત સરકારે તેમની ભાળ મેળવવા પ્રયત્ન કર્યો હતો. છેલ્લી માહિતી મુજબ તેઓ ગ્વાડેલોપ ટાપુ ઉપર ફસાયેલા હોઈ શકે છે. ત્યાંની સરકાર ગેરકાયદે આવેલા લોકોની માહિતી આપતી નથી. તેમને ડિટેઈન સેન્ટરમાં રખાયા હોવાની શક્યતા છે. આ જગ્યાએ જવા માટે અલગથી પરવાનગી લેવી પડે છે, જે ફ્રાંસમાં જવા માટેના વિઝા લેવા કરતાં અઘરી બાબત છે. અમારી પાસે કેટલીક માહિતી હાથ લાગી છે. અરજદાર દ્વારા ત્યાંની મહિલા એડવોકેટ અને પેરિસના એડવોકેટને હાયર કરવામાં આવ્યા છે. બે વકીલ પણ ત્યાં જાય એવી શક્યતા છે, જેથી તેમને ઝડપી વિઝા મેળવવા કોર્ટ મદદ કરે. જો કે, કોર્ટે એમાં પડવાનો ઈન્કાર કરી દિધો હતો. જો કે,‌ અરજદારે સ્વીકાર્યું હતું કે તેઓ નજીકના કોઈ દેશમાં વગર વિઝાએ જઈ રહ્યા હતા. ડોમિનિકા રિપબ્લિકની પોલીસ સાથે પણ સંપર્ક કરાયો હતો.

### ઠંડી જતા ગરમીનો માહોલ શરૂ થવા વચ્ચે ફરી આગાહી

# રાજ્યના હવામાનમાં ફરી એકવાર આવશે ચેન્જ : પવનની ગતિ વધતા ઠંડીનું જોર વધશે

**બેથી ત્રણ ડિગ્રી જેટલો હવામાનનો પારો ગગડશે : ઠંડીનો છેલ્લો રાઉન્ડ**

ગાંધીનગર, તા.૨૪

રાજ્યમાં હાલ મિશ્ર ઋતુના માહોલ વચ્ચે પવનની ગતિમાં વધારો થતાં ઠંડીનું જોર વધશે. જેના અંગે હવામાન વિભાગે જણાવ્યું કે, આગામી દિવસોમાં ગુજરાત ઉપર આવતા પવનોની દિશા બદલાવાને કારણે ઠંડીનો અનુભવ થઈ શકે છે. આ સાથે જ આગામી દિવસોમાં લઘુત્તમ તાપમાન ૧૫થી ૨૦ ડિગ્રીની વચ્ચે રહી શકે છે. જોકે હવામાન વિભાગે કોઈ પણ પ્રકારના વરસાદની આગાહી કરી નથી. વાદળછાયું વાતાવરણ રહી શકે તેમ જણાવાયું છે. આ અંગે હવામાન વિભાગે જણાવ્યું કે, આગામી પાંચ દિવસમાં સમગ્ર ગુજરાત રાજયમાં વરસાદની આગાહી નથી. પરંતુ ત્રીજા અને ચોથા દિવસે લઘુત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રીનો ઘટાડો થઈ શકે છે. ગુજરાતના કેટલાક વિસ્તારોમાં લઘુત્તમ તાપમાનમાં ચાર ડિગ્રીનો ઘટાડો થઈ શકે છે. હાલમાં કાશ્મીરમાં ફરી એકવાર હિમવર્ષાને કારણે ઠંડીનું પ્રમાણ વધ્યું છે. જેની અસર થોડા દિવસોમાં ગુજરાતમાં પણ વર્તાય તેવી શક્યતા છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિક અભિમન્યુ ચૌહાણે જણાવ્યું કે, આગામી દિવસોમાં ગુજરાત ઉપર આવતા પવનોની દિશા ઉત્તર તરફથી રહેશે. જે કારણે કાશ્મીરની હિમવર્ષાની અસરો પવનો દ્વારા ગુજરાત સુધી આવશે. હાલમાં ગુજરાતમાં આવતાં પવનની દિશા ઉત્તર અને ઉત્તર પશ્ચિમ દિશા તરફથી છે. પરંતુ ત્રણ દિવસ બાદ પવનની દિશા બદલાતા તાપમાનમાં પણ ઘટાડો થશે. ૨થી ૩ ડિગ્રી લઘુતન તાપમાનનો પારો ગગડશે. જ્યારે બીજી તરફ છેલ્લા ૨૪ કલાકમાં રાજયના વિવિધ ભાગોમાં લઘુત્તમ તાપમાન ઘટી ગયું છે. રાજયભરનું સૌથી ઓછું તાપમાન ધરાવતું શહેર નલિયા નહીં પરંતુ કેશોદ રહ્યું હતું જ્યાં લઘુત્તમ તાપમાન ૧૪.૯ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. આગામી દિવસોમાં પવનની ગતિ પણ ઝડપી થવાને કારણે ઠંડીનો ચમકારો રહેશે. દક્ષિણ ગુજરાત ઉપર આવતા પવનોની દિશા હાલમાં દક્ષિણ પશ્ચિમની છે. જ્યારે પવનની ગતિ ૨૦-૩૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ફૂંકાય તેવી શક્યતાઓ છે. આમ આ આગાહીને લઈ રાજ્યના લોકોએ ફરી એકવાર ઠંડી માટે તૈયાર રહેવું પડશે અને ધાબળા-સ્વેટર વગેરે હાથવગા રાખવા પડશે.

# ડ્રગ્સ સામે જંગનું એલાન : પ્રથમવાર CID ક્રાઈમમાં NDPS સેલની રચના કરવામાં આવશે

ગાંધીનગર, તા.૨૪

વિધાનસભાના બજેટ સત્રમાં ગૃહ વિભાગની માંગણીઓ ઉપરની ચર્ચાને અંતે મહત્ત્વની જાહેરાત કરી હતી. જેમાં ખાસ તો ડ્રગ્સ માટે જંગ છેડવા પ્રથમવાર વિશેષ સેલ બનાવવા તથા કોમી તોફાનો સહિત હિંસાત્મક બનાવો મુદ્દે સોશિયલ એક્શન ફોર્સ બનાવવાની જાહેરાત કરાઈ છે. ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, મહિલા સલામતી અંગે રાજ્ય સરકાર કટીબધ્ધ છે. મહિલાઓ વિરૂધ્ધના ક્રાઈમ રેટમાધ્ ગુજરાતનું સ્થાન ૩૩માં સ્થાને છે. ગુજરાત પોલીસ દ્વારા છેલ્લા બે વર્ષમાં મહિલા સુરક્ષાના વિષયમાં ગંભીરતા પૂર્વક કામગીરી કરીને મહિલા વિરૂધ્ધના ગુનાઓનધ્ નિયંત્રિત કરવામાં ખૂબ સફળતા મેળવી છે, આશરે ૨૯ કેસોમાં ખૂબ ઓછા સમયમાં આજીવન કેદ અને ફાંસીની સજા આપવામાં આવી છે. ડ્રગ્ઝ સામેનું અભિયાન આજથી જંગ તરીકે લડાશે. ડ્રગ્ઝની દરિયાઈ સરહદો ઉપરની દુશ્મન દેશ સાથેની લડાઈ હવે ગલી ગલી સુધી પહોંચશે. સીઆઈડી ક્રાઈમમાં રાજ્યમાં પ્રથમવાર પોલીસ અધીક્ષક કક્ષાના અધિકારી સેલના વડપણ હેઠળ એનડીપીએસ સેલની રચના થશે. આ ઉપરાંત રાજ્યના કોઈ પણ ખૂણે કોઈપણ ઘટના બને તો શહેરી વિસ્તારમાં ૧૦ મિનિટમાં અને ગ્રામ્ય વિસ્તારમાં ૩૦ મીનીટના રીસ્પોન્સ ટાઈમ હાંસલ કરવા ગૃહ રાજ્ય મંત્રીએ યોજના જાહેર કરી છે, આ માટે ૧૧૦૦ નવા વાહનો અને નવા પોલીસ સ્ટાફની ફાળવણી સાથે સમગ્ર રાજ્યને ડાયલ ૧૧૨માં સમાવેશ કરવાની જાહેરાત કરવામાં આવી છે. શોધ યોજનાના માધ્યમથી રાજ્યના તમામ પોલીસ સબ ઈન્સપેક્ટર કક્ષાના પોલીસ સ્ટેશનોને પોલીસ ઈન્સ્પેક્ટર કક્ષામાં ત્રણ તબક્કામાં અપગ્રેડ કરાશે, પોલીસ સ્ટેશન દીઠ આઈ.ટી. એક્ષ્પર્ટની જગ્યા ઉભી કરાશે. એ જ રીતે ગ્રામ સુરક્ષા કવચ યોજના અંતર્ગત ૨૦૦ આઉટપોસ્ટને હેડ કોન્સ્ટેબલ / એએસઆઈ કક્ષાથી પોલીસ સબ ઈન્સપેક્ટર કક્ષામાં અપગ્રેડ તેમજ એક પોલીસ કોન્સ્ટેબલ અને એક મોટર સાયકલની ફાળવણી કરવામાં આવશે. ત્રિશુળ યોજના અંતર્ગત રાજ્યના તમામ જિલ્લામાં સાયબર ક્રાઈમને પહોંચી વળવા માટે અતિ આધુનિક રાજ્ય સ્તરીય સાયબર યુનીટ બનાવવામાં આવશે. સુગમ યોજના હેઠળ રાજ્યના મહાનગરોમાં મોબીલીટી અને સલામતી માળખાને મજબુત બનાવવા ૧,૦૦૦ ટ્રાફીક પોલીસની નવી જગ્યાઓ અને આધુનિક તકનીકી સાધનો ઉપલબ્ધ કરાવવામાં આવશે. રાજ્યમાં કોમી તોફાનો અને હિંસાત્મક બનાવો તરફની ઝીરો ટોલરન્સ નીતિના ભાગરૂપે એસઆરપીએફ જુથ-૨, અમદાવાદની કંપનીને સ્પેશ્યલ એકશન ફોર્સ તરીકે વિકસાવવામાં આવશે.

# ૨૦૨૫-૨૬થી ધો-૧૦-૧૨ બોર્ડની પરીક્ષા વર્ષમાં બે વાર આપી શકાશે


### બોર્ડની પરીક્ષાઓની પેટર્નમાં ફેરફાર કરવાની તૈયારી

અમદાવાદ તા.૨૪

ધોરણ ૧૦ અને ૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષાને લઈને સૌથી વધુ ચિંતિત રહેતા હોય છે. આ તણાવને ઓછો કરવા માટે કેન્દ્ર સરકાર બોર્ડની પરીક્ષાઓની પેટર્નમાં ફેરફાર કરવાની તૈયારી કરી રહી છે. નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ મુજબ વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષા હવે વર્ષમાં બે વાર આપી શકશે. કેન્દ્ર સરકારના આ પગલાથી વિદ્યાર્થીઓને સારા ગુણ મેળવવાની તક મળશે. કેન્દ્રીય શિક્ષણ મંત્રીએ આ અંગે માહિતી આપી હતી. કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને આ અંગેની માહિતી આપતા કહ્યું હતું કે, શૈક્ષણિક સત્ર ૨૦૨૫-૨૬થી, વિદ્યાર્થીઓને વર્ષમાં બે વાર ધોરણ ૧૦અને ૧૨ની બોર્ડની પરીક્ષા આપવાનો વિકલ્પ મળશે. આ ઉપરાંત તેમણે વધુમાં જણાવ્યું હતું કે આનો હેતુ શૈક્ષણિક તણાવ ઘટાડવા અને ૨૦૨૦માં શરૂ કરવામાં આવેલી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (એનઈપી)માં આપવામાં આવેલા ઉદ્દેશ્યોને પૂર્ણ કરવાનો છે. ઉલ્લેખનીય છે કે એનઈપી ૨૦૨૦ દ્વિવાર્ષિક બોર્ડ પરીક્ષાઓની પરિકલ્પના કરે છે જેથી વિદ્યાર્થીઓને શૈક્ષણિક રીતે ઉત્કૃષ્ટ થવાની પૂરતી તકો પૂરી પાડવામાં આવશે. રાયપુરના પંડિત દીનદયાળ ઉપાધ્યાય ઓડિટોરિયમમાં આયોજિત કાર્યક્રમ દરમ્યાન શિક્ષણ મંત્રીએ વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ કર્યો હતો. આ દરમ્યાન તેમણે કહ્યું હતું કે, 'એનઈપી દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું વિઝન વિદ્યાર્થીઓને તણાવમુક્ત રાખવાનું, તેમને ગુણવત્તાયુક્ત શિક્ષણ આપવાનું, વિદ્યાર્થીઓને સંસ્કૃતિ સાથે જોડાયેલા રાખવા અને ભવિષ્ય માટે તૈયાર કરવાનું છે. આ ભારતને ૨૦૪૭ સુધીમાં વિકસિત દેશ બનાવવાનું એક સૂત્ર છે.'

# સુપ્રીમ કોર્ટના ઈલેકટ્રોલ બોન્ડના ચુકાદામાં ખામીને લીધે બીજી સમાન યોજના શરૂ કરવાની શક્યતા નકારી શકાય નહીં

**કોર્ટ કહે છે કે, કોર્પોરેટ દાતાઓને વ્યક્તિઓ જેટલા જ ગોપનીયતા અધિકારો છે, જો કે કંપનીઓ મત આપતી નથી**




નવી દિલ્હી તા.૨૪

દેશમાં ઈલેક્ટોરલ બોન્ડ સ્કીમને બંધ કરવાના સુપ્રીમ કોર્ટના નિર્ણયને સકારાત્મક પ્રતિસાદ પ્રાપ્ત થયો છે. ચૂંટણી બોન્ડ ખરીદનારાઓની ગુપ્તતા જાળવવા માટેની આ યોજનાને સંપૂર્ણ રીતે ગેરબંધારણીય જાહેર કરવામાં આવી છે. ગેરબંધારણીય જાહેર કરવામાં આવેલા નિર્ણયની યોગ્યતાઓ સામે કોઈ વાંધો નથી, પણ સાથે જ યોજનાના અમલીકરણ માટે વિવિધ કાયદાઓમાં સુધારાઓ પણ કરવામાં આવ્યા છે. જો કે, કોર્પોરેટ દાતાઓના ગોપનીયતા અધિકારોને વ્યક્તિગત દાતાઓ સાથે સરખાવીને, કોર્ટે આવી જ ભાવિ યોજનાઓ માટેની શક્યતાને જન્મ આપ્યો છે. આ ચુકાદાએ વર્તમાન સ્કીમને રદ કરી છે પરંતુ તેના તર્કમાં ખામીને લીધે આવી સમાન સ્કીમ આવે તેવી શકયતા છે. લોકોના પ્રતિનિધિત્વ અધિનિયમની કલમ 29C (1) અને આવકવેરા કાયદાની કલમ 13Aની જોગવાઈ રાજકીય પક્ષોને ચૂંટણી બોન્ડ દ્વારા પ્રાપ્ત થયેલા યોગદાનના રેકોર્ડ જાળવવામાંથી મુક્તિ આપે છે, પછી ભલે તે રૂા.૨૦,૦૦૦થી વધુ હોય. કોર્ટે કંપની એક્ટની કલમ ૧૮૨ની જોગવાઈને પણ સ્પષ્ટપણે ફગાવી દીધી હતી. કંપનીઓએ હવે તેમના ખાતાના સ્ટેટમેન્ટમાં રાજકીય પક્ષો જેમાં તેમણે ચૂંટણી બોન્ડ દ્વારા યોગદાન આપ્યું છે તે અને યોગદાનની રકમ જાહેર કરવી પડશે. આ ચુકાદાઓના પરિણામ સ્વરૂપે, ૧૫ ફેબ્રુઆરીથી કોઈ નવા ચૂંટણી બોન્ડ જારી કરી શકાશે નહીં. કોર્ટે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા અને ચૂંટણી પંચને ૧૩ માર્ચ સુધીમાં ૧૨ એપ્રિલ, ૨૦૧૯ અને ૧૫ ફેબ્રુઆરી, ૨૦૨૪ વચ્ચે ચૂંટણી બોન્ડ દ્વારા કરવામાં આવેલા તમામ યોગદાનને જાહેર કરવાનો આદેશ આપ્યો છે. રાજકીય પક્ષોમાં કોણ યોગદાન આપી રહ્યું છે તે જાણવાનો મતદારોને મૂળભૂત અધિકાર છે. દાતાઓના ગોપનીયતા અધિકારો અને મતદારોના માહિતીના અધિકાર સાથે એકને લીધે બીજાને પ્રતિબંધિત કરી શકાય નહીં. બીજા શબ્દોમાં કહીએ તો, કોઈપણ કાયદો અથવા નીતિ આ બે અધિકારો વચ્ચે સુમેળપૂર્ણ સંતુલન પ્રદાન કરે છે. ચંદ્રચુડ જણાવે છે કે મતદાનની સ્વતંત્રતાના અસરકારક ઉપયોગ માટે રાજકીય જોડાણની ગોપનીયતા જરૂરી છે. રાજકીય જોડાણની માહિતીપ્રદ ગોપનીયતા રાજકીય જોડાણની સ્વતંત્રતા અને ચૂંટણી મતાધિકારના ઉપયોગની સુરક્ષા માટે જરૂરી છે. જો ચૂંટણી બોન્ડ માત્ર મતદારો દ્વારા જ ખરીદી શકાય તો તેમાં કોઈ વાંધો નથી. પરંતુ ચૂંટણી બોન્ડ વ્યક્તિઓ, હિન્દુ અવિભાજિત કુટુંબ, કંપની, પેઢી, વ્યક્તિઓના સંગઠન અને દરેક કૃત્રિમ ન્યાયિક વ્યક્તિ દ્વારા ખરીદી શકાય છે, જેઓ આ શ્રેણીઓમાં આવતા નથી. હકીકતમાં, કંપનીઓ ચૂંટણી બોન્ડના સૌથી મોટા ખરીદદારોનો હિસ્સો ધરાવે છે અને કંપનીઓ મતદાન કરતી નથી. વ્યક્તિઓ અને કંપનીઓ દ્વારા ખરીદાયેલા ઈલેક્ટોરલ બોન્ડ્સનું પ્રમાણ ડેટા પ્રકાશિત થયા બાદ સ્પષ્ટ થઈ જશે. જસ્ટિસ ખન્ના જણાવે છે કે રૂા.૧ કરોડથી વધુ મૂલ્યના બોન્ડ્સ જુલાઈ ૨૦૨૩ સુધી ખરીદવામાં આવેલા બોન્ડના કુલ મૂલ્યના ૯૪.૨૫% છે અને મોટાભાગની ખરીદી કંપનીઓ દ્વારા કરવામાં આવી છે. ગોપનીયતાનો અધિકાર કોર્પોરેશનો જેવી સંસ્થાઓને બદલે વ્યક્તિઓની ગોપનીયતા અને સ્વાયત્તતાના રક્ષણના સંદર્ભમાં સમજવામાં આવે છે. જો કે, આ ચુકાદામાં ગોપનીયતાના અધિકારની વ્યાપક પ્રકૃતિ ઉપર ભાર મૂકવામાં આવ્યો હતો, જે ડેટા સંરક્ષણ અને ગોપનીયતા જેવા ચોક્કસ સંદર્ભોમાં કોર્પોરેટ ગોપનીયતા અધિકારો માટે સંભવિતપણે અસર કરી શકે છે. કોર્ટ એવું કહી શકી હોત કે જ્યારે વ્યક્તિગત દાતાઓને તેમના રાજકીય જોડાણની માહિતીની ગોપનીયતાનો અધિકાર હોય છે, તે કોર્પોરેટ દાતાઓ પાસે નથી. આનું કારણ એ છે કે ચૂંટણી મતાધિકાર, અથવા મત આપવાનો અધિકાર વ્યક્તિઓને લાગુ પડે છે, કંપનીઓને નહીં. પરંતુ કોર્પોરેટ દાતાઓ પાસે રાજકીય જોડાણની માહિતીપ્રદ ગોપનીયતા હોવાનું સ્વીકારીને, અદાલતે સરકાર માટે ચૂંટણી બોન્ડ યોજના જેવી અન્ય કોઈ સમાન યોજના માટે શક્યતા ખુલ્લી રાખી છે જે સ્વાભાવિક રીતે નુકસાનકારક હોઈ શકે છે.

### મેંદરડા તાલુકાના રાજેસર ગામે

# સોની બંધુઓને બંધક બનાવી થયેલ લુંટના ગુન્હાનો ભેદ ઉકેલાયો, ત્રણ આરોપીઓની અટકાયત

## સોનાના બિસ્કીટ, ચાંદીના ચોરસા, રોકડ રકમ મળી કુલ રૂા.૮૦.૨૩ લાખનો મુદામાલ જપ્ત કરાયો









જૂનાગઢ તા. ૨૪

મેંદરડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ રાજેસર ગામમાં રહેતા સોની જીતેન્દ્રભાઈ ઉર્ફે જીતુભાઈ વ્રજલાલભાઈ લોઢીયા સોની તથા તેમનાભાઈ તુલસીદાસભાઈને ગઈ તા.૧/૦૨/૨૦૨૪નાના ક.૨૧/૦૦થી ક.૨૨/૦૦ દરમ્યાન આરોપીઓ દિપકભાઈ અશોકભાઈ જોગીયા રહે, જુનાગઢ તથા બે અજાણ્યા ઈસમો તેમના ઘરના પ્રવેશ કરી તેઓ બંન્નેને ઢોર માર મારી બંદુક તથા છરીની અણીએ બંધક બનાવી તિજોરીમાં રાખેલ સોનાના બીસ્કીટ નંગ-૮ જેમાં સોનાના એક બીસ્કીટનું વજન ૧૧૬ ગ્રામ જેની કિ.રૂા. ૭,૨૫,૦૦૦/- એમ કુલ સોનાના બીસ્કીટ નંગ-૮ કુલ વજન ૯૨૮ ગ્રામ જેની કુલ કિ.રૂા. ૫૮,૦૦,૦૦૦/- તથા હોલમાં આવેલ કબાટમાં રાખેલ ચાંદીનાં ચોરસા આશરે ૨૧ કિલો જેમાં ૧ કિલો ચાંદીની કિ.રૂા. ૭૦,૦૦૦/- એમ કુલ ૨૧ કિલો ચાંદીની કિ.રૂા.૧૪,૭૦,૦૦૦/- તથા રોકડા રૂપીયા આશરે નવ લાખ રૂપીયા મળી કુલ કિ.રૂા.૮૧,૭૦,૦૦૦/- ની લુંટ કરી નાશી ગયેલાનો બનાવ બનેલ હતો. જે લુંટ બાબતે મેંદરડા પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૨૦૩૦૩૯૨૪૦૦૨૬/૨૦૨૪ આઈ.પી.સી. કલમ ૩૯૪, ૩૯૮, ૩૪૨, ૪૫૨, ૧૨૦ (બી) તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫ મુજબનો ગુન્હો રજીસ્ટર થયેલ છે.

ઉપરોકત બનેલ ગુન્હાની ગંભીરતાને ધ્યાને લઈ લુંટમાં સંડોવાયેલ આરોપીઓને પકડી પાડીને લુંટમાં ગયેલ સંપુર્ણ મુદામાલ રીકવર કરવા જૂનાગઢ રેન્જનાં નાયબ પોલીસ મહાનિરીક્ષક નિલેશ જાજાડીયાની સુચના તથા પોલીસ અધિક્ષક હર્ષદ મહેતાના સીધા માર્ગદર્શન હેઠળ ઉપરોકત બનાવમાં સંડોવાયેલ આરોપીઓને તાત્કાલીક પકડી પાડવા તેમજ મુદામાલ રીકવર કરવા સુચન કરવામાં આવેલ હતું જે અન્વયે ક્રાઈમ બ્રાન્ચ જૂનાગઢના પો.ઈન્સ. જે.જે.પટેલના માર્ગદર્શન હેઠળ પો.સ.ઈ. ડી.કે.ઝાલા તથા ક્રાઈમ બ્રાન્ચના પો.સ્ટાફના માણસો તાત્કાલીક એકશનમાં આવી બનાવ સ્થળની વીઝીટ લઈ અલગ અલગ ટીમો બનાવી બનાવ બનેલ તે વિસ્તાર તથા મેંદરડા અને જૂનાગઢ શહેર વિસ્તારના સીસીટીવી ફુટેજ તથા ટેકનિકલ સેલ તથા ખાનગી બાતમીદારો મારફતે આરોપીઓ તથા લુંટમાં ગયેલ મુદામાલ શોધી કાઢવા માટે પ્રયત્નો હાથ ધરેલ તે દરમ્યાન ખાનગી બાતમીદારો મારફતે જાણવા મળેલ કે, આ લુંટના આરોપી દિપક જોગીયા સાથે રહેલ બંને અજાણ્યા ઈસમો તેના મિત્રો છે જે પૈકી એક દિલીપ ઉર્ફે કોઢીયો કોળી અને બીજો વિમલ બારોટ હોવાનું જાણવા મળ્યું હતું જે દરમ્યાન ટેકનીકલ ટીમના પો.કો. ભરતભાઈ હમીરભાઈ સોલંકી તથા પેરોલ ફર્લો સ્કોડના પો.હે.કો. જયદિપભાઈ મનસુખભાઈ કનેરીયા, દિવ્યેશભાઈ ધિરજલાલ ડાભીને સંયુકતમાં હકિકત મળેલ કે, આ ત્રણેય ઈસમો હાલ ઉપલેટા તાલુકાના ગણોદ ગામે ભાદર નદીના કાંઠે આવેલ નવા બનેલ માતાજીના મંદિર નજીક છુપાયેલ હોવાની શંકા હોય જેથી હકિકત આધારે વહેલી સવારના ક્રાઈમ બ્રાન્ચની ટીમ સાથે જઈ જેઓને મોટર સાયકલો સાથે રાઉન્ડ અપ કરી લાવી મજકુર ત્રણેય આરોપીઓની અલગ-અલગ ટીમો દ્વારા પુછપરછ કરતા પ્રથમથી ઉડાઉ જવાબ આપતા હોય આખરે પો.હેડ કોન્સ. આઝાદસિંહ સિસોદીયા, ઈન્દ્રજીતસિંહ ઝાલા, પ્રકાશભાઈ ડાભી તથા પેરોલ ફર્લો સ્કોડના પો.કોન્સ. દિપકભાઈ બડવાનાઓની ટીમએ આરોપીઓની યુકિત-પ્રયુકિતથી પુછપરછ કરતા આખરે આરોપીઓ ભાંગી પડી કબુલાત કરેલ કે, હાલ કોઈ કામ ધંધો ચાલતો ન હોય જેના કારણે કરજો થઈ ગયેલ હોય અને કુટુંબની જવાબદારી સંભાળવા તેમજ કામધંધા માટે પૈસાની જરૂરીયાત હોય અને આરોપી દિપક સોનીની દુકાનમાં કામ કરતો હોય અને ફરીયાદી જીતુભાઈ તથા તેમના ભાઈ તુલસીભાઈ બંને રાજેસર ગામે એકલા રહેતા હોય અને તેમની પાસે સોના તથા ચાંદીનો માલ હોવાનું જાણતા હોય જેથી બનાવના દિવસે જ લુંટ કરવાનો પ્લાન ઘડીને વિરપુર ખાતેથી રકમકડાની બંદૂક (લાઈટર)ની ખરીદી કરી અને છરી લઈ ત્રણેય જણા ફરીયાદીના ઘરે જ મોકો મળતા બંદૂક તથા છરી બતાવી મુંઢમાર મારી તેમના ઘરમાંજ બાંધી તિજોરીમાંથી સોનાના દાગીના તથા સોનાના બિસ્કીટ તથા ચાંદીના ચોરસા તથા રોકડ રકમની લુંટ કરેલ હતી અને મુદામાલ જૂનાગઢમાં ગણેશનગરની બાજુમાં આવેલ ગિરનારના જંગલમાં સંતાડેલ હોવાનું જણાવતા સદરહું આરોપીઓનો અટક કરી આરોપી દિપકને સાથે રાખી લુંટમાં ગયેલ તમામ મુદામાલ કાઢી આપતા રીકવર કરી આગળની કાર્યવાહી માટે મેંદરડા પોલીસ સ્ટેશનને સોંપી આપેલ છે.

આ બનાવમાં પોલીસો આરોપી અશોક દેવરાજભાઈ જોગીયા સોની, (ઉ.વ.૨૯) રહે. રાજભુમિ એપાર્ટમેન્ટ, ગોધાવાવની પાટી પાસે, જૂનાગઢ, દિલીપ ઉર્ફે કોઢીયો રણછોડભાઈ વાઘેલા કોળી (ઉ.વ.૩૫), રહે. ગિરનાર દરવાજા, ગણેશનગર, જૂનાગઢ, મુળ ગામ ગણોદ, તા. ઉપલેટા તથા વિમલ બટુકભાઈ રેણુકા (ઉ.વ.૨૯), રહે. ગિરનાર દરવાજા, ગણેશનગર, શશીબાપાની દુકાન પાસે, જૂનાગઢ વાળાની અટક કરેલ છે. તેમજ સોનાના બિસ્કીટ ૮, ચાંદીના ચોરસા નંગ-૩૬, રોકડ રૂા.૬,૮૮,૩૦૦, છરી -૧૦, મોટરસાયકલ - ૨, મોબાઈલ ફોન નંગ ૧ મળી કુલ રૂા.૮૦,૨૩,૮૧૦/-નો મુદામાલ કબ્જે કરેલ છે.

આ ગુન્હામાં સંડોવાયેલા આરોપી દિપક જોગીયા સામે અગાઉ જૂનાગઢ એ ડીવીઝન પોલીસ સ્ટેશનમાં પ્રોહીબીશનનો ગુન્હો નોંધાયેલ છે. તેમજ દિલીપ વાઘેલા સામે શીલ પોલીસ સ્ટેશનમાં પ્રોહીબીશનનો ગુન્હો નોંધાયેલ છે. આ કામગીરીમાં ક્રાઈમ બ્રાન્ચના પીએસઆઈ જે.જે. પટેલ, પીએસઆઈ ડી.કે. ઝાલા, એએસઆઈ વિક્રમભાઈ ચાવડા, પો.કો. આઝાદસિંહ સીસોદીયા, ઈન્દ્રજીતસિંહ ઝાલા, પ્રકાશભાઈ ડાભી, ભરતભાઈ સોલંકી, પેરોલ ફર્લો સ્કવોડના હે.કો. જયદીપ કનોરીયા, દિવ્યેશભાઈ ડાભી, દિપકભાઈ બડવા, સાહિલ સમા વગેરે જોડાયા હતા.

### જૂનાગઢ મનપામાં આવેલ

# સ્લોટર હાઉસ અને મટન માર્કેટ જે જગ્યાએ છે તે જગ્યાએજ બજેટમાં કરેલ જોગવાઈની રકમ વાપરવા માંગણી

જૂનાગઢ તા. ૨૪

જૂનાગઢ મનપા વોર્ડ નં.૮ ના કોર્પોરેટર સેનીલાબેન થઈમ અનો જેબુન્નીશાબેન એસ. કાદરીએ એક અખબારી યાદીમાં જણાવેલ છે કે, જૂનાગઢ મહાનગરમાં આવેલ સ્લોટર હાઉસ તેમજ મટન માર્કેટ જે જગ્યાએ છે તે જગ્યાએ જ સ્લોટર હાઉસની બજેટમાં કરેલ જોગવાઈની રકમ વાપરવા જણાવેલ છે. વધુમાં તેઓએ જણાવેલ છે કે, જૂનાગઢ મનપાના જનરલ બોર્ડમાં સ્લોટર હાઉસ માટે રૂા.૧ કરોડની જોગવાઈ કરેલ છે જેમાં સ્લોટર હાઉસ સાવજના ડેલામાં બનાવવા એવું જનરલ બોર્ડના ઠરાવ નં.૪૬ તા.૧૫-૨-૨૪માં જણાવેલ છે પરંતુ ઉપરોકત જણાવેલ ડેલામાં તથા રથખાનાના ડેલામાં ગૌશાળા બનાવવા માટે આ અગાઉ સ્થાયી સમિતિમાં મોટી રકમની જોગવાઈ થયેલ છે. તેમજ ઉપરોકત જગ્યાએ ઝુલેલાલ મંદિર પણ આવેલ હોય જેથી ધાર્મિક લાગણી દુઃભાય તેમ છે. જેથી આ બજેટની જોગવાઈ માત્રને માત્ર અન્ય હેડમાં જયારે પણ રકમ ખુટે ત્યારે આ બજેટ હેડમાંથી રીએ કરી શકાય તેના માટે જ જોગવાઈ કરેલ હોય તેવું સ્પષ્ટ થાય છે. તેમજ જૂનાગઢ મહાનગરપાલિકાની હદમાં હાલ જે જગ્યાએ સ્લોટર હાઉસ છે ત્યાં રીનોવેશન માટે રૂા.૧૨ લાખ જેવી માતબર રકમ ફાળવેલ છે તે રકમ ફાળવ્યા બાદ હવે સ્લોટર હાઉસ અન્ય જગ્યાએ ફેરવી અને ત્યાં રૂા.૧ કરોડ જેવી માતબર રકમ ફાળવેલ છે તો વાસ્તવમાં કઈ જગ્યાએ સ્લોટર હાઉસ થશે તેજ નિશ્ચિત થતું નથી. જેથી જૂનાગઢ મનપામાં હાલ જે જગ્યાએ સ્લોટર હાઉસ છે તેજ જગ્યાએ સ્લોટર હાઉસ વ્યવસ્થિત રીતે ચાલે અને અન્ય સમુદાયની લાગણી ન દુઃભાય તે મુજબની વ્યવસ્થા કરવામાં આ ગ્રાન્ટનો ઉપયોગ થાય તેવી માંગણી કરી છે. ઉપરાંત હાલમાં જે જગ્યાએ સ્લોટર હાઉસ છે તે જગ્યાએ આ અગાઉ પણ ઘણી ગ્રાન્ટ વાપરીને સારી વ્યવસ્થા ઉભી કરેલ છે. જેથી આ જગ્યાએ સ્લોટર હાઉસ બને તો ઓછા ખર્ચે સારી વ્યવસ્થા ઉભી થઈ શકે તેમ છે તેમ અંતમાં જણાવેલ છે.

# જૂનાગઢ તાલુકાના વધાવી ગામે આવેલ સોનરખ નદી ઉપરના ચેકડેમને રીપેર કરવા માંગણી





જૂનાગઢ તા. ૨૪

જૂનાગઢ તાલુકાનાં વધાવી ગામે આવેલ સોનરખ નદી ઉપરના ચેકડેમને રીપેર કરવાની માંગણી ખેડુતો દ્વારા કરવામાં આવી છે અને આ અંગે સરકારમાં રજુઆત કરવામાં આવી છે. આ અંગેની પ્રાપ્ત વિગત અનુસાર જૂનાગઢ તાલુકાના વધાવી ગામે સોનરખ નદી ઉપરનો ચેકડેમ ગત વર્ષે વરસાદમાં ધોવાઈ જતાં ખેડુતોને પારાવાર નુકશાન થયું હતું જેને છ માસ જેવો સમય થયો હોવા છતાં હજુ સુધી આ ચેકડેમ રીપેર થયો નથી. અને જેને કારણે ચાલુ સાલ ઉનાળું પાક માટે પાણીની તંગી સર્જાતા ખેડુતો પરેશાન થયા છે. દરમ્યાન જૂનાગઢ જીલ્લા યુવા ભાજપના આગેવાન કલ્પેશભાઈ જોગલ તેમજ ત્રણ ગામના ખેડુતોએ આ પ્રશ્ને જૂનાગઢ જીલ્લા ભાજપ પ્રમુખ, જૂનાગઢ જીલ્લા પંચાયત પ્રમુખ તેમજ જૂનાગઢના ધારાસભ્ય અને જૂનાગઢના સાંસદ સહિતનાઓને આ બાબતે અસરકારક રજુઆત કરવામાં આવી છે. તેમજ સરકારશ્રી દ્વારા તાત્કાલીક મંજુરી આપી વધાવી ગામે સોનરખ નદી ઉપર આવેલ ચેકડેમને વહેલી તકે રીપેર કરવામાં આવે તેવી લાગણી અને માંગણી કરી છે. (તસ્વીર : રમેશ રાઠોડ)

# ડ્રીમ પ્રોજેક્ટ પૂર્ણઃ ૨૫ ફેબ્રુઆરીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારકામાં 'સુદર્શન સેતુ'નું લોકાર્પણ કરશે

## જામનગર, દેવભૂમિ દ્વારકા અને પોરબંદર જિલ્લાઓમાં ૪ હજાર કરોડથી વધુ મૂલ્યના ૧૧ વિકાસકાર્યોનું વડાપ્રધાનના હસ્તે લોકાર્પણ અને ખાતમુહૂર્ત થશે

## જામનગરમાં ૧૦૦ કરોડના ખર્ચે રિજનલ સાયન્સ સેન્ટરનું ખાતમુહૂર્ત અને છતરમાં ૧૨.૫ મેગાવોટ વેસ્ટ લેન્ડ સોલાર પ્રોજેક્ટનું લોકાર્પણ

## રાજકોટ-ઓખા અને રાજકોટ- સોમનાથ, જેતલસર- વાંસજાળીયા સુધી રેલવે ઈલેક્ટ્રીફિકેશનની કામગીરીનું લોકાર્પણ





(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા. ૨૪

૨૫ ફેબ્રુઆરી ૨૦૨૪ના દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે જામનગર, દેવભૂમિ દ્વારકા અને પોરબંદર જિલ્લામાં ૪૧૫૩ કરોડ મૂલ્યના ૧૧ વિકાસ પ્રકલ્પોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવશે. દ્વારકામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ડ્રીમ પ્રોજેક્ટ સુદર્શન સેતુનું (સિગ્નેચર બ્રિજ) લોકાર્પણ થવાથી, હવે દ્વારકાથી બેટ દ્વારકા જવા માટે ભાવિકોને એક અનેરી સુવિધાનો લાભ મળી રહેશે. આ ત્રણેય જિલ્લાઓને આવરી લેતા વિકાસ કાર્યોમાં માર્ગ અને મકાન, શહેરી વિકાસ, વિજ્ઞાન અને ટેકનોલોજી, પેટ્રોલિયમ અને ગેસ મંત્રાલય, રેલવે તેમજ ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના ૧૧ પ્રકલ્પો સામેલ છે.

**લોકાર્પણ થનારા વિકાસકાર્યો**

દેવભૂમિ દ્વારકામાં સડક પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય, ભારત સરકાર તથા માર્ગ અને મકાન વિભાગ, રેલવે તેમજ પેટ્રોલિયમ અને ગેસ મંત્રાલય હસ્તકના પાંચ વિકાસકાર્યોનું લોકાર્પણ કરવામાં આવશે. જે અંતર્ગત દ્વારકા અને બેટ દ્વારકાને જોડતા અત્યાધુનિક સિગ્નેચર બ્રિજનું લોકાર્પણ કરવામાં આવશે. ૯૭૯ કરોડના ખર્ચે આ બ્રિજનું નિર્માણ કરવામાં આવ્યું છે. ૨.૩ કિલોમીટર લંબાઈના બ્રિજની સાથો સાથ ૨.૪૫ કિ.મી.નો એપ્રોચ રોડ અને પાર્કિની સુવિધા પણ વિકસિત કરવામાં આવી છે. કર્વ પાયલન ધરાવતો આ એક અનોખો બ્રિજ છે. તેના લીધે હવે દ્વારકાથી બેટ દ્વારકા સરળતાથી પહોંચી શકાશે.

રેલવે વિભાગ દ્વારા રાજકોટથી ઓખા અને રાજકોટ-જેતલસર- સોમનાથ તેમજ જેતલસર-વાંસજાળીયા સુધી કુલ ૫૩૩ રેલવે કિ.મી. લંબાઈ રેલમાર્ગનું ઈલેકટ્રીફિકેશન કરવામાં આવ્યું છે. ૬૭૬ કરોડ મૂલ્યના આ પ્રોજેક્ટનું વડાપ્રધાન લોકાર્પણ કરશે. ઈલેક્ટ્રીફિકેશન કામગીરીથી ડિઝલની બચત થશે અને લોકોની સુવિધામાં વધારો થશે. રાજકોટ-ઓખા ઈલેક્ટ્રીફિકેશન પ્રોજેક્ટ પૂર્ણ થવાથી દ્વારકા સુધી ઈલેક્ટ્રીક રૂટ પર ટ્રેન સુવિધા સરળતાથી મળી રહેશે. તે સિવાય પેટ્રોલિયમ અને ગેસ મંત્રાલય દ્વારા વાડીનારમાં બે ઓફશોર પાઈપલાઈન અને એક બોયનું લોકાર્પણ કરવામાં આવશે. આ પ્રોજેક્નું મૂલ્ય રૂા. ૧૩૭૮ કરોડ છે.

જામનગરમાં કાલાવડ તાલુકાના છત્તર પાસે રૂા.૫૨ કરોડના ખર્ચે નિર્મિત ૧૨.૫ મેગાવોટ ક્ષમતાના વેસ્ટ લેન્ડ સોલાર પીવી પ્રોજેક્ટનું લોકાર્પણ કરવામાં આવશે. ખેડૂતો અને ઉપભોક્તાઓને સસ્તા દરે વીજળી આપવામાં તેમજ ખેડૂતોને દિવસ દરમ્યાન વીજળી આપવામાં આ પ્રોજેક્ટ મદદરૂપ બનશે.

**ખાતમુહૂર્ત થનારા વિકાસકાર્યો**

આ કાર્યક્રમમાં માર્ગ અને મકાન, શહેરી વિકાસ, વિજ્ઞાન અને ટેક્નોલોજી તેમજ ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના ૬ વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત કરવામાં આવશે.

માર્ગ અને મકાન વિભાગ અંતર્ગત ધોરાજી-જામકંડોરણા-કાલાવડ સેકશનને પહોળી કરવાની કામગીરીનું ખાતમુહૂર્ત થશે. રૂા.૨૯૨ કરોડના ખર્ચે શરૂ થનાર આ પ્રોજેક્ટનો ફાયદો જામનગર, પોરબંદર અને રાજકોટ જિલ્લાને મળશે. શહેરી વિકાસ વિભાગ દ્વારા જામનગર શહેરમાં રૂા.૧૦૭ કરોડના ખર્ચે ગટર વ્યવસ્થા માટેના ત્રણ વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત કરવામાં આવશે. આ કામગીરી અંતર્ગત નાઘેડી વિસ્તાર અને મહાપ્રભુજી બેઠકથી ઠેબા ચોકડી રોડ અને ગુલાબનગર રેલવે ઓવરબ્રિજથી પુર્ણેશ્વર મહાદેવ મંદિર મેઈન રોડ સુધી અંડરગ્રાઉન્ડ ગટર નેટવર્ક સ્થાપિત કરવામાં આવશે. તે સિવાય કર્મચારીનગર વિસ્તારમાં એસબીઆર ટેક્નોલોજી આધારિત સ્યૂએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટનું ખાતમુહૂર્ત કરાશે. વિજ્ઞાન અને ટેક્નલોજી વિભાગ હેઠળ રૂા.૧૦૦ કરોડના ખર્ચે જામનગરમાં રિજનલ સાયન્સ સેન્ટર નિર્માણનું ખાતમુહૂર્ત કરવામાં આવશે. આ સાયન્સ સેન્ટરને ૧૦ એકર વિસ્તારમાં વિકસિત કરવામાં આવશે. આ સાયન્સ સેન્ટરમાં પાંચ થીમ આધારિત ગેલેરી હશે. જેમાં શહેરની ઓળખ, મૂળભૂત વિજ્ઞાન, વિજ્ઞાનનું ભવિષ્ય અને સ્વાસ્થ્ય તેમજ કૃષિ વિજ્ઞાન વિષેની માહિતી રસપ્રદ રીતે રજૂ કરવામાં આવશે. આ સેન્ટરમાં પ્રદર્શન હોલ, ચિલ્ડ્રન્સ કોર્નર, વર્કશોપ, કાફેટેરિયા અને ઓફિસ વર્ક સ્ટેશન્સ પણ બનાવવામાં આવશે. વિકસિત ભારતના નિર્માણ માટે વિજ્ઞાન અને ટેક્નોલોજીને લોકો સુધી રસપ્રદ રીતે લઈ જવા અને બાળકો તથા યુવાઓમાં જિજ્ઞાસાવૃત્તિ નિર્માણ કરવાની દિશામાં આ સાયન્સ સેન્ટર મહત્વની ભૂમિકા ભજવશે. સાથોસાથ જામનગરના સિક્કા થર્મલ પાવર સ્ટેશનમાં FGD સિસ્ટમને સ્થાપિત કરવાની કામગીરીનું ખાતમુહૂર્ત કરવામાં આવશે. આ પ્રોજેકટનું મૂલ્ય રૂા.૫૬૯ કરોડ છે. આ સિસ્ટમની મદદથી પ્લાન્ટમાંથી થતા ઉત્સર્જનમાંથી સલ્ફર ડાયોક્સાઈડને ઘટાડી શકાશે. સલ્ફર ડાયોક્સાઈડનું ઉત્સર્જન રોકવાથી પ્રદૂષણ નિયંત્રણમાં મદદ મળશે.

# વેરાવળ બંદરમાં દરીયાઈ માર્ગે આવેલ ૨૫૦ કરોડનું હેરોઈન ડ્રગ્સના જથ્થા સાથે નવ ઝડપાયા







## ગીર સોમનાથ પોલીસના મેગા ઓપરેશનમાં આંતરરાષ્ટ્રીય ડ્રગ્સની હેરાફેરીના રેકેટનો પર્દાફાશ થયો : ફિશીંગ બોટ માલિકની સતર્કતાએ ડ્રગ માફિયાઓના મનસૂબાને કર્યા નાકામ

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૨૪

આંતરરાષ્ટ્રીય દરીયાઈ સીમમાંથી ફિશીંગ બોટ મારફતે વેરાવળ બંદરે લઈ આવેલ ૫૦ કીલો હેરોઈન ડ્રગ્સનો જથ્થો જીલ્લા પોલીસે બાતમીના આધારે ઝડપી પાડયો છે. ઝડપાયેલા ૫૦ કીલો ડ્રગ્સની આંતરરાષ્ટ્રીય કિંમત ૨૫૦ કરોડ જેવી થાય છે. પોલીસે ફિશિંગ બોટના ટંડેલ સહિત ૯ ની ધરપકડ કરી છે જેમાં જામનગરના ૨ આરોપીઓ ડ્રગ્સની ડિલિવરી લેવા આવેલ હતા. ડ્રગ્સની હેરાફેરી રેકેટના પર્દાફાશમાં ટંડેલ પાસેથી મળી આવેલ સેટેલાઈટ ફોનમાં વિદેશમાંથી કોલ આવ્યાનું સામે આવ્યુ છે. ત્યારે આ રેકેટના તાર વિદેશ સુધી જોડાયેલાનું પોલીસ તપાસમાં સામે આવ્યુ છે. જેથી **ATS, SOG, LCB, NDPS,** મરીન પોલીસ સહિતની સુરક્ષા એજન્સીઓ દ્વારા તપાસનો ધમધમાટ હાથ ધર્યો છે. ત્યારે આગામી દિવસોમાં આ મામલે વધુ ઘટસ્ફોટ થવાની શકયતા વર્તાઈ રહી છે. આ પર્દાફાશમાં બોટ માલિકની સતર્કતાએ ડ્રગ માફિયાઓના મનસૂબાને નાકામ કર્યાની વિગતો સામે આવી છે.

ગુજરાતના સમુદ્રને દેશદ્રોહી પ્રવૃત્તિ માટે ડ્રગ્સ માફિયાઓ નિશાન બનાવી રહ્યા છે ત્યારે આ ઘટના ક્રમ અંગે જિલ્લા પોલીસવડા મનોહરસિંહ જાડેજા એ પ્રેસ કોંફોરન્સ કરી માહિતી આપતા જણાવ્યું હતુ કે, ગઈકાલે અમને બાતમી મળી હતી કે વેરાવળ બંદર પર ફિશીંગ કરી આવીને લાંગરેલ એક ફિશિંગ બોટમાં શંકાસ્પદ નશીલો પદાર્થ આવ્યો છે. જે બાતમીના આધારે **SOG** પીઆઈ એ.બી.જાડેજા, **LCB** પીઆઈ એમ.એન. રાણા, જે.બી. ગઢવીના નેજા હેઠળ તાત્કાલિક જુદી જુદી ટિમો બનાવી કામે લગાડી હતી. દરમ્યાન પ્રથમ ફિશિંગ બોટમાંથી એક ફોર વહીલ કારમાં ડિલિવરી કરાયેલ ૨૫ કિલો હેરોઈન ડ્રગ્સના જથ્થા સાથે જામનગરના આસીફ ઉર્ફે કારા જુસબભાઈ શમા તથા અરબાજ અનવર પમાની અટક કરી પૂછપરછ કરતા ફિશિંગ બોટમાં સંતાડેલ વધુ ૨૫ કિલ્લો જથ્થો મળી આવતા કુલ ૫૦ કિલો હરોઈન ડ્રગ્સના પેકેટોનો જથ્થો મળી આવેલ હતો. જેની આંતરરાષ્ટ્રીય કિંમત ૨૫૦ કરોડથી વધુ છે. ફિશીંગ બોટમાંથી એક સેટેલાઈટ ફોન પણ મળી આવ્યો હતો. જેમાં આંતરરાષ્ટ્રીય કોલ પણ આવેલાનું જાણવા મળ્યુ હતુ.

વધુમાં બોટનો ટંડેલ ધર્મેન્દ્ર બુધ્ધીલાલ કશ્યપ એક વર્ષથી એક વ્યક્તિના વોટસએપના માધ્યમથી સંપર્કમાં હતો. જેથી ગત તા.૨૬-૧-૨૪ રોજ ઓમાનની દરિયાઇ હદમાં ફિશીંગ કરી રહેલ ટંડેલ ધર્મેન્દ્રનો અજાણ્યા શખ્સે કોન્ટેક કરીને આશરે ૧૭૦૦ કીલો મચ્છી મફતમાં આપવાની સાથે બે બાચકા પાર્સલના આપેલ જે ગુજરાતના બંદરે પહોચાડવા માટે રૂ.૫૦ હજાર મળશે તેવી લાલચ આપી હતી. બાદમાં બંન્ને બાચકા લઈ ગતરાત્રીના બોટ વેરાવળ બંદર પહોંચતા લાંગરી હતી. બાદમાં વોટસએપથી મળેલ સુચના મુજબ ધર્મેન્દ્રની બોટ પાસે આસીફએ મુકેલ કારમાં એક બાચકુ મુકી દીધેલ હતુ. જો કે રૂ.૫૦ હજાર ન આપ્યા હોવાથી બીજુ બાચકું બોટમાં સંતાડી દીધેલ જે પણ બાદમાં કબ્જે કરવામાં આવ્યુ હતુ.

જામનગરથી કારમાં ડ્રગ્સના જથ્થાની ડિલેવરી લેવા આવેલ આસીફ જામનગર-રાજકોટ વચ્ચે ઈકો કાર ચલાવી ડ્રાઈવીંગનો ધંધો કરે છે. તેના સંપર્કમાં રહેલ એક પેસેન્જર શખ્સે બે વર્ષ પહેલા એક પાર્સલ માળીયા મીંયાણા ખાતે ડીલેવરી કરવા માટે આપેલ જેના બદલામાં રૂ.૨૦ હજાર આપેલ હતા. આ પેસેન્જરએ ગઈકાલે આસીફનો વોટસએપ કોલ મારફતે કોન્ટેકટ કરી એક પાર્સલ વેરાવળથી લઈને રાજકોટ મુકવા જવાનુ જણાવી આ ટ્રીપના રૂ.૫૦ હજાર આપવાનું જણાવ્યુ હતુ. જેથી આસીફ તેના મિત્ર અરબાઝ સાથે પોતાના શેઠની કાર લઈને પાર્સલ લેવા વેરાવળ બંદરે આવ્યા હતા. ત્યારે ટંડેલએ આપેલ પાર્સલ લઈને હજુ જતા હતા ત્યાં જ પકડી લેવાયા હતા.

આ રેકેટના પર્દાફાશમાં (૧) ઓપીએટ ડેરીવેટીવ (મોર્ફીન, હેરોઈન, કોકેઈન)નો જથ્થાનું કુલ વજન-૫૦૦૧૫ ગ્રામ જેની કુલ કી.રૂ.૨૫૦ કરોડ, (૨) ફીશીંગ બોટ કિ.રૂ.૧૦ લાખ, (૩) મારૂતિ કાર રજી.નં.**GJ-03-AC-7697** કી.રૂ.૫૦ હજાર, (૪) ૩ મોબાઈલ ફોન, (૫) એક સેટેલાઈટ મળી કુલ રૂ.૨૫૦ કરોડ ૧૮ લાખ ૧૨ હજારના મુદામાલ જપ્ત કર્યો છે. આ જથ્થાની સાથે મુખ્ય આરોપીઓ (૧) આસીફ ઉર્ફે કારા જુસબભાઈ શમાં ઉ.વ.૨૪, રહે.બેડેશ્વર, હાઉસીંગ બોર્ડ, રૂમ નં.-૪૦, (૨) અરબાજ અનવર પમા ઉ.વ.૨૩ રહે. ગુલાબનગર, ગૌષિયા મસ્જિદ પાસે જામનગર વાળા તથા (૩) ધરમેન બુધ્ધીલાલ કશ્યપ ઉ.વ.૩૦, રહે.મહમદપુર નરવાલ, જી.કાનપુર-ઉતરપ્રદેશ વાળાની અટક કરી છે. જ્યારે (૧) અનુજ મુકેશ કશ્યપ (૨) અમન શ્રીદિનાનાથજી કશ્યપ ઉ.વ.૨૩ (૩) રજ્જનકુમાર ભગવાનદીપ મીસાર ઉ.વ.૧૯, (૪) વિષ્ણુ શંકરનિસાદ નીસાર ઉ.વ.૨૫, (૫) રોહિત સુખુભાઈ નિશાર ઉ.વ.૨૦ (૬) રાહુલ ગોરેલાલ કશ્યપ/ગૌડ ઉ.વ.૨૦ તમામ રહે.કાનપુર ઉત્તરપ્રદેશ વાળાઓએ રાઉન્ડ અપ કરવામાં આવ્યા છે. આ મામલે હાલ **ATS , NDPS, SOG, LCB,** મરીન પોલીસ સહિતની સુરક્ષા એજન્સીઓ દ્વારા સઘન તપાસનો ધમધમાટ હાથ ધરવામાં આવ્યો છે.આ ડ્રગ્સ રેકેટના તાર ક્યાં ક્યાં દેશો સાથે જોડાયેલ છે તે તમામ દિશામાં તપાસ હાથ ધરવામાં આવી છે.

### બોટમાલિકની શંકા સાચી ઠરતા મોટા ડ્રગ્સના આંતરરાષ્ટ્રીય રેકેટનો પર્દાફાશ થયો

બીજી તરફ આ મામલે જે બોટમાંથી હેરોઈન ઝડપાયું છે તે ઝડપાયેલી બોટના માલિક કિશોરભાઈ કુહાડા અને જીતુભાઈ કુહાડાના જણાવ્યા મુજબ તેમના પરીવારની આ બોટના ટંડેલ ઉપર તેઓને અગાઉથી જ શંકા હોવાથી તેના ઉપર વોચ રાખી હતી. દરમ્યાન બોટ બંદરે આવ્યા બાદ ગતરાત્રીના એક અજાણી ફોર વહીલ કાર આવેલ અને તેમાં બોટમાંથી એક બાચકું (બોરી) મૂકાયા પછી આ કાર સ્પીડમાં નીકળતા અમારા વોચમાં રહેલ માણસોએ કારનો પીછો કરી બંદર થી બે કી.મી. દુર આંતરી તેમાં તપાસ કરતા સફેદ પાવડર જેવો પદાર્થ જોવા મળેલ જે અંગે કારમાં રહેલા શખ્સોની પૂછતા તેઓ જવાબ ન આપતા શંકા વધુ દ્રઢ બની હતી. આ અંગે રાત્રીના જ પોલીસવડાને જાણ કરતા પોલીસની ટીમો બંદરમાં આવતા ટંડેલ સહિત ત્રણેય ઈસમો અને શંકાસ્પદ જથ્થો પોલીસને જમા કરાવ્યો. આ ઉપરાંત બોટના ટંડેલ પાસેથી મળી આવેલ સેટેલાઈટ ફોન પણ પોલીસને જમા કરાવ્યો હતો. આમ, બોટ માલીકની શંકાથી ડ્રગ્સના આંતરરાષ્ટ્રીય રેકેટનો પર્દાફાશ થયો.

અત્રે નોંધનીય છે કે, આજે થયેલા આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ હેરાફેરીના રેકેટના તાર વિદેશના અનેક દેશો સાથે જોડાયેલા હોવાની પ્રાથમિક વિગતો સામે આવી છે. પોલીસની થિયરી મુજબ ડ્રગ્સનો જથ્થો આંતરરાષ્ટ્રીય જળસીમામાંથી ટંડેલને અપાયો હોવાનું સામે આવ્યુ છે. ત્યારે આગામી દિવસોમાં આ મામલે વધુ ધરપકડો થવાની સાથે ચોંકાવનારા ખુલાસા થનાર હોવાનું સુત્રો જણાવી રહ્યા છે.

# કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરા, ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી, સાંસદ પૂનમબેન માડમે ગોમતી ઘાટ ખાતે વોટર પ્રોજેકશન લાઈટ એન્ડ સાઉન્ડ શો નિહાળ્યો




(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૨૪

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી આગામી તા. ૨૫ ફેબ્રુઆરીના રોજ દેવભૂમિ દ્વારકા જિલ્લાના પ્રવાસે પધારી રહ્યા છે. ત્યારે દ્વારકા નગરી રોશનીથી ઝળહળી ઉઠી છે. આજરોજ ગોમતી ઘાટ ખાતે વોટર પ્રોજેકશન લાઈટ એન્ડ સાઉન્ડ શોને કેબિનેટ મંત્રીશ્રી મુળુભાઈ બેરા, ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી, સાંસદ શ્રી પૂનમ બેન માડમે નિહાળ્યો હતો.

ગુજરાત સરકારશ્રીના રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ, ગાંધીનગર હસ્તકની કમિશ્નરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ, ગાંધીનગર દ્વારા આયોજિત તથા જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, દેવભુમિ દ્વારકા તેમજ જિલ્લા વહિવટી તંત્ર દ્વારા દ્વારકાના ગોમતી ઘાટ ખાતે વોટર પ્રોજેકશન લાઈટ એન્ડ સાઉન્ડ શો યોજવામાં આવ્યો હતો. જેને કેબિનેટ મંત્રીશ્રી મુળુભાઈ બેરા, ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી, સાંસદ શ્રી પૂનમ બેન માડમે તેમજ બહોળી સંખ્યામાં નાગરિકોએ લાઈટ શો નિહાળ્યો હતો.

# વિસાવદર આર્ય સમાજ આયોજિત વિનામૂલ્યે નેત્રયજ્ઞ પૂર્ણ



(વિનુભાઈ પુરોહિત દ્વારા)

વિસાવદર તા.૨૪

રાજકોટ રણછોડદાસ બાપુ આંખની હોસ્પિટલ ના સહકારથી યોજાયેલ નેત્રયજ્ઞનુ દીપ પ્રાગટ્ય કરતા વિસાવદરના વતની અને હાલ કેનેડા ટોરેન્ટો રહેતા શ્રી દિનેશભાઈ ફુલચંદભાઈ ગાઠાણી , અલ્પાબેન દિનેશભાઈ ગાઠાણી દંપતી સહ હાજર રહી ને પ્રાગટ્ય કરતા કેું કે "પહેલું સુખ તે જાતે નર્યા" એ કહેવત છે તે આપણી કાઠીયાવાડી કહેવત છે અને ખરેખર મારૂં વતન તો વિસાવદર જ છે પણ અમે પરિવાર સાથે છેલ્લા ૩૨ વર્ષથી કેનેડામાં વસવાટ કરીએ છીએ આરોગ્ય લક્ષી અને મોતિયાના ઓપરેશન વિનામૂલ્યે આર્યમાજ મંદિર દ્વારા થાય છે તે વંદનીય કાર્ય છે અને મને અહીંયા બધાને સેવા કરતા ભાઈઓ બહેનોને મળવા મળ્યું તે બદલ હું બધાને વંદન સાથે જય જિનેન્દ્ર કરું છું , અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત માલાબેન હિતેશભાઈ ગાઠાણીએ કહ્યું હતું કે આજે આર્ય સમાજ મંદિર ની પુણ્ય ભૂમિમાં જે સદ પ્રવૃત્તિ થાય છે તેનો વધુમાં વધુ લોકો એ લાભ લેવો જોઈએ અને સંપૂર્ણ વિનામૂલ્યે મોતિયાના ઓપરેશનથી નેત્રમણી તેમજ દવા - કાળા ચશ્મા અને ભોજનની સેવાનો લાભ લઈને દિવ્ય દ્રષ્ટિ મેળવવી જોઈએ અતીથી વીષેસ અદિતિબેન મારૂ , અનસુયાબેન ગાજીપરા, હિતેશભાઈ ગાઠાણી, છગનભાઈ માલવિયા, ધનસુખભાઈ ગઢીયા, સમજુભાઈ વેકરીયા પણ હાજર રહેલ હતા ડોકટર સીતારામ મિશ્રાએ નીદાન કરીને કુલ ૧૪૨ દર્દીઓની ઓ.પી. ડી. થયેલ અને ૫૩ દર્દીઓને ઓપરેશન માટે રવાના કરવામાં આવેલ હતા, કેમ્પને સફળ બનાવવા માટે કિશોરભાઈ રીબડીયા, ડોકટર જગદીશભાઈ નિમાવત, જીતુપરી, સામજીભાઈ ગાજીપરા , જીતુપરી ભોલેનાથ, હાર્દિકભાઈ વિઠલાણીએ મહેનત ઉઠાવેલ હતી તેમ આર્યમાજના મંત્રી સી.વી.ચૌહાણની યાદી જણાવે છે.

# ખંભાળિયાની જી.વી.જે. શાળાના શિક્ષિકા પીએચડી થયા



(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૪

ખંભાળિયાની જાણીતી જી.વી.જે. હાઈસ્કૂલના શિક્ષિકા વિશાખાબેન ભરતભાઈ ભટ્ટ (અત્રી)એ તાજેતરમાં ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીમાં એકાઉન્ટન્સી વિષયમાં ડોકટર રાજેશ મુલચંદાણીના માર્ગદર્શન હેઠળ પીએચડી ડોકટરેટની ડીગ્રી મેળવીને હાઈસ્કુલ તથા ભટ્ટ (અત્રી) પરિવાર સાથે સમગ્ર બ્રહ્મ સમાજનું ગૌરવ વધાર્યુ છે. વિશાખાબેન ભટ્ટ એમ.કોમ. બી.એડ તથા જીસેટ અને નેટ ક્વોલિફાઇડ છે. તેઓએ અહીંના કોલવા ગામની તાલુકા શાળામાંથી શિક્ષિકા તરીકે કારકિર્દીનો પ્રારંભ કર્યો હતો તેમજ ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં રાજ્યભરમાં મેરીટમાં ત્રીજો નંબર મેળવીને અહીંની જી.વી.જે. સરકારી શાળામાં તેઓ હાલ ફરજ બજાવી રહ્યા છે.

# ખંભાળિયામાં નિર્માણાધિન દ્વારકેશ કમલમની ખાસ મુલાકાત રહેતા ગૃહ રાજ્ય મંત્રી સંઘવી



(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨૪

દેવભૂમિ દ્વારકા જિલ્લાના મુખ્ય મથક ખંભાળિયા ખાતે ભારતીય જનતા પાર્ટીના જિલ્લા કાર્યાલય "દ્વારકેશ કમલમ"નું નિર્માણ થઈ રહ્યું છે. ત્યારે ગઈકાલે શુક્રવારે સાંજે રાજ્યના ગૃહ મંત્રી હર્ષસંઘવીએનિર્માણાધિન "દ્વારકેશ કમલમ" (જિલ્લા ભાજપ કાર્યાલય)ની ખાસ મુલાકાત લીધી હતી. જેમાં જિલ્લા ભાજપ પ્રમુખ મયુરભાઈ ગઢવીએ અહીં ચાલી રહેલી અંતિમ ચરણની કામગીરી બાબતે ગૃહ મંત્રીને માહિતગાર કર્યા હતા. આ પ્રસંગે ઉપસ્થિત રહેલા મહામંત્રી રસિકભાઈ નકુમ, કેશોદ ગામના અગ્રણી કશ્યપભાઈ આહીર, શહેર પ્રમુખ અનિલભાઈ તન્ના, મહિલા અગ્રણી નિમિષાબેન નકુમ, નગરપાલિકાના સદસ્ય જગુભાઈ રાયચુરા, રાજુભાઈ ભરવાડ, યોગેશભાઈ અને મોહિતભાઈ મોટાણી, સહિતના આગેવાનોએતેમનેઆવકારી, અને દ્વારકાધીશના ઉપરણા તથા છબી વડે તેમને સન્માનિત કર્યા હતા.

# પૂનમ નિમિતે શ્રીકષ્ટભંજનદેવ દાદાને દાડમનો અન્નકૂટ એવં ષોડશોપચાર પૂજન





(પ્રતિનિધી દ્વારા)

સાળંગપુર તા.૨૪

શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણા વાળા)ની પ્રેરણાથી તેમજ કોઠારી શ્રી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શનથી પૂનમ નિમિતે તા.૨૪-૦૨-૨૦૨૪ને શનિવારના રોજ સવારે ૫:૩૦ કલાકે મંગળા આરતી તથા ૭:૦૦ કલાકે શણગાર આરતી હૃદયપ્રકાશ સ્વામી દ્વારા કરવામાં આવેલ. દાદાને દિવ્ય વાઘાનો શણગાર તેમજ દાદાને દાડમનો અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો.

પૂનમ નિમિતે સાંજે ૫:૩૦ કલાકે દાદાનું ષોડશોપચાર પૂજન -અર્ચન એવં પુષ્પાભિષેક -સંધ્યા આરતીનું આયોજન કરવામાં આવ્યું છે. દાદાના હજારો ભકતોએ દિવ્ય દર્શનનો લાભ પ્રત્યક્ષ તેમજ યુટ્યુબ ચેનલ દ્વારા ઓનલાઈન લીધેલ.

# માંગરોળના નાગદા વિસ્તારમાં મુસ્લિમ યુવકને વિજકરંટ લાગતા મોત

(યુસુફ ચુડલી દ્વારા)

માંગરોળ તા.૨૪

માંગરોળ ના નાગદા વિસ્તારમાં એક મુસ્લિમ યુવકને શુક્રવારે રાત્રે વિજકરંટ લાગતા મોત નીપજ્યું હતું.

આ બનાવની જાણવા મળતી વિગત એવી છે કે, માગરોળના નાગદા વિસ્તારમાં ભાડે મકાનમાં રહેતા અને મકતુપૂર ઝાપામાં ફરસાણની લારી લગાવી પરીવારનું ગુજરાન ચલાવતા ઈલ્યાસ ઈસ્માઈલ જડા ઉ. વ. આ. ૩૫ નું શુક્રવારે રાત્રે તેમના ઘરમાં જ વાયરની પીન લગાવવા જતા વિજકરંટ લાગ્યો હતો.

તેઓને તાત્કાલિક અસરથી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. પરંતુ તબીબે તેને મૃત જાહેર કર્યા હતા. પીએમ અર્થે તેમના પાર્થિવ દેહને માંગરોળની સરકારી હોસ્પિટલમાં લાવવામાં આવેલ. પાંચ નાના નાના ભૂલકાઓના પિતાનું યુવાન વયે મોત નીપજતા પરિવાર નિરાધાર બન્યો છે. ઘટનાની જાણ થતાં ઘાંચી સમાજના પ્રમુખ મોહમદહુસેન ઝાલા સહીતના આગેવાનો હોસ્પીટલ દોડી આવ્યા હતા અને તેમના પરિવારના સભ્યોને સાંત્વના આપી હતી.


## જાહેર નિવિદા

આથી રસ ધરાવતા તમામ ઇસમોને જાણ કરવામાં આવે છે કે જિલ્લા શિક્ષણ સમિતી જુનાગઢ હસ્તકની બંધાળા પ્રાથમિક શાળાના ત્રણ ઓરડાનો ઊભો ઇમલો જે સ્થિતિમાં છે તે સ્થિતિમાં નીચેની શરતોને આધીન રહી વેંચાણ કરવા માટે આ જાહેરાત પ્રસિદ્ધ થયાના ૧૦ દિવસમાં બંધ કવરમાં ભાવ મંગાવવામાં આવે છે.

| તાલુકો | પ્રાથમિક શાળા/ગામનું નામ | ડિમોલીશન પાત્ર રૂમની સંખ્યા | અપસેટ કિંમત | બાનાની રકમ |
|---|---|---|---|---|
| જુનાગઢ | બંધાળા પ્રાથમિક શાળા | ત્રણ (૩) | ૨૧૧૬૭/- | ૨૦૦૦/- |

નોંધ: મિલકત જોવા માટે રવિવાર તથા જાહેર રજાના દિવસો સિવાય સવારે 10:00 થી 04:00 કલાકે રૂબરૂ મુલાકાત લઇ શકશે.

(૧) બાનાની રકમ બંધ કવર સાથે જમા કરાવવાની રહેશે.

(૨) આવેલ ભાવપત્રકોના કવર ખોલવાની તારીખ કવર રજૂ કરનારને ટેલીફોનિક જાણ કરવામાં આવશે.

(૩) આ સિવાય અન્ય શરતો સ્થળ પરથી જાણી શકાશે.

એસ.એમ.સી. સમિતી બંધાળા

આચાર્ય બંધાળા પ્રાથમિક શાળા

માહિતી/જુના/જા.ખ./૧૨૪૭/૨૪

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

વિકસિત ભારત
વિકસિત ગુજરાત

માનનીય વડાપ્રધાન

# શ્રી નરેન્દ્રભાઈ મોદીના


વરદ્દહસ્તે
દેવભૂમિ દ્વારકા, જામનગર અને પોરબંદર જિલ્લાના

## ₹૪૧૦૦ કરોડથી

વધુનાં વિવિધ પ્રકલ્પોનાં

# લોકાર્પણ અને ખાતમુહૂર્ત







## લોકાર્પણ અને ખાતમુહૂર્તનાં કામોની યાદી

| | | |
|---|---|---|
| પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસ મંત્રાલય | સડક પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય તથા માર્ગ અને મકાન વિભાગ | રેલવે મંત્રાલય |
| ₹ ૧૩૦૦ કરોડથી વધુનો ૧ પ્રકલ્પ | ₹ ૧૨૦૦ કરોડથી વધુનાં ૨ પ્રકલ્પો | ₹ ૬૦૦ કરોડથી વધુનાં ૨ પ્રકલ્પો |
| ઊર્જા મંત્રાલય | શહેરી વિકાસ વિભાગ | વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ |
| ₹ ૬૦૦ કરોડથી વધુનાં ૨ પ્રકલ્પો | ₹ ૧૦૦ કરોડથી વધુનાં ૩ પ્રકલ્પો | ₹ ૧૦૦ કરોડથી વધુનો ૧ પ્રકલ્પ |

ભારતના માનનીય વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદી** સુપ્રસિદ્ધ તીર્થધામ બેટ દ્વારકા ને જોડતા, દેશના સૌ પ્રથમ વક્ર આકારના પાયલન ધરાવતા તેમજ ચારે દિશાઓ સુધી પારદર્શિતા આપતી ગેલેરી, પેડેસ્ટ્રિયન વોકવેઝ તથા સૌર ઊર્જા ઉત્પન્ન કરવાની સુવિધા સાથેના અને દેશના સૌથી લાંબા કેબલ સ્ટેઇડ બ્રિજ - **સુદર્શન સેતુ** નાગરિકોને અર્પણ કરે છે.

ભારતીય પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલય દ્વારા ઓફશોર પાઈપલાઈન બદલવાથી ત્રણ મોટી રિફાઈનરીઓને ક્રૂડ ઓઈલનો અવિરત પુરવઠો સુનિશ્ચિત થશે અને આર્થિક સમૃદ્ધિ વધશે.

વિકસિત ભારતના સ્વપ્ન અને અમૃતકાળના સંકલ્પને સાર્થક કરતા માર્ગો, પુલ અને રેલવે લાઈનથી પ્રવાસનનો વિકાસ, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિક વિભાગનાં સાયન્સ સેન્ટર્સ, શહેરી વિસ્તારમાં સીવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ તથા ડ્રેનેજ નેટવર્ક, સોલાર પાવર જેવા વિવિધ પ્રકલ્પોના નિર્માણથી દેશની સમૃદ્ધિ વધશે.









:: મુખ્ય મહેમાન ::

**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

:: અતિથિ વિશેષ ::

| | | |
|---|---|---|
| **શ્રી સી. આર. પાટીલ** | **શ્રી મુળુભાઈ બેરા** | **શ્રી હર્ષભાઈ સંઘવી** |
| માનનીય સંસદસભ્ય (લોકસભા), નવસારી, ગુજરાત | માનનીય મંત્રી, પ્રવાસન, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, વન અને પર્યાવરણ, ક્લાઈમેટ ચેન્જ, ગુજરાત | માનનીય મંત્રી (રા.ક.), ગૃહ અને ઉદ્યોગ, ગુજરાત |

**તારીખ : ૨૫-૦૨-૨૦૨૪, રવિવાર - સમય : સવારે ૧૧-૦૦ વાગે - સ્થળ : ક્રિકેટ ગ્રાઉન્ડ, એન.ડી.એચ. સ્કૂલની પાછળ, દ્વારકા**

કાર્યક્રમનું જીવંત પ્રસારણ : ડીડી ન્યૂઝ